**આજનો સુવિચાર**

યાદશક્તિ પણ વિચિત્ર છે કોઈ કહે તો યાદ ન રહે, અને કોઈ કહી જાય તો ભુલાતુ નથી!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૪૧ જૂનાગઢ તા.૨૮-૦૫-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 141, Junagadh : Date : 28 May, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

### ચાલુ વર્ષે નૈઋત્ય ચોમાસુ સારૂ રહેશે : સામાન્ય કરતા વધુ ૧૦૬ ટકા વરસાદ નોંધાશે

# દેશભરમાં જૂન, જુલાઈ, ઓગષ્ટમાં ભારે વરસાદ પડશે

નવી દિલ્હી,તા.૨૮: દેશમાં પડી રહેલી કાળઝાળ ગરમીની વચ્ચે નૈઋત્ય ચોમસાને લઈને સારા સમાચાર આવ્યા છે. હવામાન વિભાગ અનુસાર ચાલુ વર્ષે સરેરાશથી વધુ વરસાદ પડશે. દેશમાં જૂનથી સપ્ટેમ્બર સુધી ૧૦૬ ટકા વરસાદ વરસવાની સંભાવના છે. દેશમાં ચોમાસુ સામાન્ય રીતે જૂનથી સપ્ટેમ્બર સુધી રહેવાની સંભાવના છે. જૂનથી ઓગસ્ટ, ૨૦૨૪માં લા નિનાની સ્થિતિ વિકસિત થવાની શક્યતા છે. જેને પગલે ઉત્તર પશ્ચિમ ભારતમાં ૩૦ મે પછી ગરમી ઓછી થવાની સંભાવના છે. હવામાન વિભાગે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે આગામી ત્રણ મહિના એટલે કે જૂન, જુલાઈ અને ઓગસ્ટમાં ભારે વરસાદ પડે એવી શક્યતા છે. અલ નિનો હાલ ખતમ થઈ રહ્યું છે. હવે લા-નિના વિકસિત થઈ શકે છે અને તે જૂનથી ઓગસ્ટમાં વિકસિત થઈ શકે છે. આગામી ત્રણ-ચાર દિવસમાં કેરળ પહોંચવાની સંભાવના છે. જયારે દિલ્હીમાં ૨૯ જૂને પહોંચવાની અપેક્ષા છે, જયારે રાજસ્થાનમાં ૭ જુલાઈએ નૈઋત્ય ચોમાસુ પહોંચવાની વકી છે. પૂર્વ તટ પર બંગાળની ખાડીની તુલને પશ્ચિમ તટ પર સ્થિત અરબ સાગર વધુ ઠંડો રહે છે, એટલે ત્યાં વધુ વાવાઝોડા પણ આવે છે. સમુદ્રમાં પાણી ઠંડા હોવાને કારણે લા નિનાની સ્થિતિ બને છે અને મોન્સુનના મહિનાઓમાં તેજ અને અને ભારે વરસાદ થાય છે- આ વખતે જૂન, જુલાઈ અને ઓગસ્ટમાં ભારે વરસાદ થવાની સંભાવના છે.

## ચીનો નવો સીન્થેટીક વાયરસ બનાવ્યો : ત્રણ દિવસમાં મોત થઈ શકે

બૈજીંગ, તા.૨૮: ચીનની હેબેઈ મેડિકલ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ એક નવો વાઈરસ બનાવ્યો છે જે માત્ર ત્રણ દિવસમાં વ્યકિતને મારી શકે છે. 'સાયન્સ ડાયરેક્ટ' મેગેઝીનમાં પ્રકાશિત થયેલા આ સંશોધનમાં વૈજ્ઞાનિકોએ ઈબોલા વાયરસની નકલ કરવા માટે સિન્થેટિક વાયરસનો ઉપયોગ કર્યો છે. આ અભ્યાસનો હેતુ ઈબોલા વાયરસને વધુ સારી રીતે સમજવાનો છે. વૈજ્ઞાનિકોએ ઈબોલા વાયરસના અમુક ભાગો લઈને એક નવો વાયરસ બનાવ્યો છે. આ નવો વાયરસ ઈબોલા વાયરસની જેમ શરીરના કોષોને પણ ચેપ લગાવી શકે છે. આ પ્રયોગમાં વૈજ્ઞાનિકોએ સીરિયન હેમ્સ્ટર પર આ વાયરસનું પરીક્ષણ કર્યું. પાંચ નર અને પાંચ માદા હેમ્સ્ટરને આ વાયરસનું ઈન્જેકશન આપવામાં આવ્યું હતું. રસીકરણના ત્રણ દિવસમાં બધા હેમ્સ્ટર ગંભીર રોગના લક્ષણો દર્શાવે છે. આ લક્ષણો મનુષ્યોમાં ઈબોલા વાયરસથી થતા રોગ જેવા જ હતા. આ લક્ષણોમાં શરીરનું નબળું પડવું અને શરીરના અવયવોની કામગીરીમાં નિષ્ફળતાનો સમાવેશ થાય છે. આખરે ત્રણ દિવસમાં બધા હેમ્સ્ટર મૃત્યુ પામ્યા હતા. કેટલાક હેમ્સ્ટરની આંખોમાં પણ ઈન્ફેકશન જોવા મળ્યું હતું, જેના કારણે તેમની દૃષ્ટિ નબળી પડી ગઈ હતી. ઈબોલા વાયરસથી સંક્રમિત લોકોમાં પણ આ લક્ષણ જોવા મળે છે.

# રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી ઢંઢેરામાં અપાતું વચન એ ભ્રષ્ટાચાર નથી : સુપ્રિમ કોર્ટ



નવી દિલ્હી, તા.૨૮: સુપ્રિમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણયમાં કોર્ટે રાજકીય પક્ષના મેનિફેસ્ટોમાં મતદારોને નાણાકીય સહાયની જાહેરાતને તે પક્ષના ઉમેદવારનું 'ભ્રષ્ટ વર્તન' ગણવાનો ઈનકાર કર્યો છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું છે કે આ પ્રકારની દલીલ 'ખૂબ જ દૂરની' છે જસ્ટિસ સૂર્યકાન્ત અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે કર્ણાટક હાઈકોર્ટના ચૂંટણી અરજીને ફગાવી દેવાના નિર્ણયને પડકારતી અપીલને ફગાવી દેતા આ નિર્ણય આપ્યો હતો.

ખંડપીઠે તેના ચૂંટણી ઢંઢેરામાં રાજકીય પક્ષ દ્વારા મતદારોને અપાતી પ્રત્યક્ષ અથવા પરોક્ષ નાણાકીય સહાયની બાંયધરી તે પક્ષના ઉમેદવારના ભ્રષ્ટ વર્તન તરીકે જાહેર કરતા હાઈકોર્ટના નિર્ણયમાં દખલ કરવાનો ઈન્કાર કર્યો હતો.

સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે કોઈ રાજકીય પક્ષની અરજી તેના મેનિફેસ્ટોમાં ઉમેદવારના ભ્રષ્ટ વર્તન તરીકે જનતાને પ્રત્યક્ષ કે પરોક્ષ નાણાકીય સહાય આપવાની ગેરંટી જાહેર કરતી અરજી સ્વીકારી શકાય નહીં. ખંડપીઠે કહ્યું કે આ પ્રકારની દલીલ ખૂબ જ દૂરની છે, આ કેસના તથ્યો અને સંજોગોમાં આપણે આ અંગે વિગતવાર વિચારણા કરવાની જરૂર છે. જો કે, ખંડપીઠે સ્પષ્ટ કર્યું હતું કે આવા કાનૂની પ્રશ્નને યોગ્ય કેસમાં નિર્ણય લેવા માટે ખુલ્લો છોડી દેવામાં આવ્યો છે.

## રાજકોટ અગ્નીકાંડ : ૨૮માંથી ૧૧ મૃતદેહો પરીવારોને સોંપાયા

રાજકોટ તા. ૨૮

રાજકોટ અગ્નીકાંડમાં અત્યારસુધીમાં ૧૧ લોકોના મૃતદેહ તેમના સ્વજનોને સોંપાયા છે. એક પછી એક પરિવાર પોતાના સ્વજનના મૃતદેહના અંતિમસંસ્કાર કરવા માટે સ્મશાન પહોંચી રહ્યા છે. અત્યાર સુધીમાં ચાર આરોપીની ધરપકડ થઈ છે. જ્યારે વેલ્ડિંગ કરનારની પોલીસ અટકાયત કરી છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ફોરેન્સિક પોસ્ટ મોર્ટમ કરવામાં આવ્યું તેના દાખલા મૃતકોના પરિવારને આપવામાં આવી રહ્યા છે.


## રાજકીય પક્ષોનાં નામે દાન મેળવી રૂા.૧૦૦૦ કરોડનું કૌભાંડ કરનાર બે વ્યકિતની સીઆઈડી ક્રાઈમે ધરપકડ કરી

અમદાવાદ,તા. ૨૮: વિવિધ રાજકીય પાર્ટીઓના નામે દાન મેળવ્યા બાદ ઈન્કમટેક્સમાં દાનમાં મળેલ રકમ બાદ મેળવી પરત કરી રૂા.૧૦૦૦ કરોડનું કૌભાંડ આચરવામાં આવ્યાની ચોંકાવનારી વિગત બહાર આવી છે. આ મામલે CID ક્રાઈમે બે આરોપીની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ એ.એન.વોરાએ આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા છે. નોંધનીય છે કે, CID ક્રાઈમે પાંચ રાજકીય પાર્ટીના અધ્યક્ષ સહિતના હોદ્દેદારને પણ આરોપી બનાવ્યા છે.

આરોપીઓએ ૧૦૦૦ કરોડ રાજકીય વિવિધ પાર્ટીઓના નામે દાનમાં મળવ્યા હતા. ત્યારબાદ આ રકમ ઈન્કમટેક્સની વિવિધ કલમ હેઠળ મેળવ્યા બાદ જુદા જુદા ખાતામાં ટ્રાન્સફર કરી કૌભાંડ આચર્યું હતું. આ મામેલ CID ક્રાઈમને જાણ થતા રેડ કરી મુખ્ય આરોપી ઉમંગ વિનોદભાઈ દરજી (રહે. રાણીપ) અને રવિ પ્રકાશભાઈ સોની (રહે.સી.જી રોડ)ની ધરપકડ કરી હતી.

# માનવ સર્જીત અથવાતો બેદરકારીને કારણે થતી હોનારતોમાં સજાની જોગવાઈ વધુ કડક બનાવતો કાયદો આવશે

## મુખ્યમંત્રી અને મુખ્ય સચિવ વચ્ચે યોજાયેલી બેઠકમાં નિર્ણય લેવાયો : ચોમાસુ સત્રમાં જ ખરડો પસાર કરાશે



ગાંધીનગર તા. ૨૮

તક્ષશિલા, મોરબી પુલ, હરણી તળાવ અને રાજકોટના ટીઆરપી ગેમિંગ ઝોનમાં બનેલી આકસ્મિક ઘટનાઓમાં થયેલી મોટી જાનહાનિના બનાવોને જોતાં હવે સરકાર પોતાના કાયદામાં સુધારો કરવા જઈ રહી છે. માનવસર્જિત અથવા તો બેદરકારીને કારણે થતી હોનારતોના આવાં કેસમાં સજાની જોગવાઈઓ વધુ કડક કરવા ઉપરાંત જવાબદાર ઠરે તેવાં વરિષ્ઠતમ અધિકારીઓને આ કાયદાના દાયરામાં સમાવાશે અને તેઓની બેદરકારી હોવાનું સિદ્ધ થાય તો તેમની સામે માત્ર શિક્ષાત્મક પગલાં જ નહીં, પરંતુ ફોજદારી કાર્યવાહી કરવામાં આવે તેવી નવી જોગવાઈઓ દાખલ કરવામાં આવશે. આ સંજોગોમાં ગુજરાત સરકાર પોતાનો ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મીઝર્સ રેગ્યુલેશન એક્ટ-૨૦૧૬ સુધારો કરશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મુખ્ય સચિવ રાજ કુમાર તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ વચ્ચે ગાંધીનગરમાં સોમવારે થયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો છે.

આગામી ચોમાસું સત્ર સુધીમાં આ નવા સુધારા સૂચવતું એક વિધેયક વિધાનસભામાં પસાર કરાવવા માટે સરકારે તૈયારીઓ હાથ ધરી છે. આ માટે સરકાર કાનૂની અને વૈધાનિક માર્ગદર્શન પણ મેળવશે.વર્તમાન કાયદામાં સુધારો એટલા માટે જરૂરી છે કે નિયમો અને કાયદા મોજૂદ હોવાં છતાં આવી ઘટનાઓ બને છે, કારણ કે તેનું અમલીકરણ યોગ્ય રીતે અને કડકપણે થતું નથી. સંભવિત દુર્ઘટના સામેનું દુર્લક્ષ સેવાય છે અને નિયમોનું પાલન કરવામાં ગંભીરતા જળવાતી નથી. માત્ર આગ જ નહીં અન્ય હોનારતોનો પણ તેમાં સમાવેશ કરાશે. નવા કાયદામાં માત્ર આગ જ નહીં પરંતુ પાણીમાં ડૂબવા, ઓચિંતી નાસભાગ મચવા, કરંટ લાગવા સહિતના સંજોગોને કારણે થતી ઘટનાઓને આમાં સમાવી લેવામાં આવશે. અલબત્ત આ કિસ્સામાં કારણ માનવ બેદરકારી અથવા માનવસર્જિત ઘટનાઓ જ સમાવાશે. ભૂકંપ, પૂર, વાવાઝોડા સહિતની કુદરતી આફતોના કિસ્સામાં આગ લાગવી, ડૂબી જવું કે શોર્ટસર્કિટથી વીજકરંટ લાગવો સહિતની દુર્ઘટનાઓ બને તેનો સમાવેશ કરાશે નહીં. અત્યાર સુધી બનેલી ઘટનાઓમાં માત્ર કોન્ટ્રાક્ટર, નિર્માતા કે એજન્સી અથવા તો નીચલા દરજ્જાના સુપરવાઈઝર કક્ષાના અધિકારીઓની સામે જ પગલાં લેવાયા છે, પરંતુ હવે કાયદો વધુ કડક કરીને સંબંધિત વહીવટી તંત્ર કે પ્રશાસનના સર્વોચ્ચ અધિકારી સુધી પણ આ કાયદાનો સકંજો પહોંચશે.

## સસ્પેન્ડ કરાયેલા ૭ અધિકારીઓની ગમે ત્યારે ધરપકડ કરાશે

રાજકોટ તા. ૨૮ : રાજકોટ ટીઆરપી ઝોન દુર્ઘટનામાં જેની સીધી જ જવાબદારી ફીકસ કરાઈ છે તેવા ૭ અધિકારીઓને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા બાદ તપાસનો ધમધમાટ ચાલી રહયો છે અને આધારભુત સુત્રોનાં જણાવ્યા મુજબ સસ્પેન્ડ કરાયેલા ૭ અધિકારીઓની આજે ગમે ત્યારે ધરપકડક કરવામાં આવશે તેવું જાણવા મળેલ છે.

## ઈ-વે બીલમાં આપવામાં આવેલી છૂટ નાબૂદ કરાઈ

નવી દિલ્હી, તા.૨૮

રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લઈને ઈ-વે બિલમાં આપવામાં આવેલી છૂટ નાબૂદ કરી છે. હવે રાજ્યમાં ૫૦ હજાર રૂપિયાથી વધુની કિંમતના કોઈપણ માલના પરિવહન માટે ઈ-વે બિલ જનરેટ કરવું ફરજિયાત રહેશે.

કોમર્શિયલ ટેક્સ (જીએસટી) વિભાગનું માનવું છે કે, ઈ-વે બિલમાં આપવામાં આવેલી છૂટનો કરચોરી માટે દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. દેશના મોટાભાગના રાજયોમાં રાજ્યની અંદર માલના પરિવહન માટે ઈ-વે બિલ પહેલેથી જ ફરજિયાત છે. આ ફેરફાર છત્તીસગઢમાં પણ સમાનતા લાવવામાં મદદ કરશે. સરકારનું માનવું છે કે, ઈ-વે બિલ માટેના કડક નિયમો ટેક્સ અનુપાલનમાં સુધારો કરશે અને રાજ્યની આવકમાં વધારો કરશે.

### સમાચાર રાઉન્ડઅપ

- પુણે અકસ્માત કેસમાં બે ડોકટરોએ બ્લડ સેમ્પલ બદલવાનાં રૂા. ૩ લાખ લીધા હતા : બંનેની ધરપકડ
- ચારધામ યાત્રામાં અત્યાર સુધીમાં ૬૪ શ્રધ્ધાળુનાં મોત : ૯.૬૪ લાખ શ્રધ્ધાળુઓ આવ્યા
- પાકિસ્તાનમાં હાહાકાર મચાવતી ગરમી : ૫૩ ડીગ્રી
- દેશની તમામ હોસ્પીટલોમાં એકસમાન બિલીંગ સીસ્ટમ અમલી બનશે : દર્દી અને વિમા કંપની બંનેને ફાયદો થશે

**જૂનાગઢમાં વેચવાનું છે**

(૧) ડો. જસાણીનું દવાખાનું (પોસ્ટ ઓફીસ રોડ, આઝાદ ચોક) વેચવાનું છે
(૨) ગાંધીગ્રામ (કોન્વેન્ટ સ્કુલની સામે) ૫૦૦ વારનો બંગલો વેચવાનો છે. સાથે ૧૦ દુકાન ભાડે અથવા વેચવાની છે. (બેંકોવાળા માટે ખાસ)
(૩) એસેન્ટ કાર ૩૮૦૦૦ કી.મી. વેચવાની છે.
(૪) લોખંડનાં ઘોડા નવા મોડેલનાં વેચવાના છે. (નંગ-૨૮)
(૫) જીમ માટેના સાધનની કીટ વેચવાની છે.

દુકાન, મકાન - જમીન લે-વેચ માટે મળો
મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

**શોરૂમ લાયક વેચાવ છે / વેચવાની છે**

એમ.જી. રોડ, દિપમંદિર કોમ્પ્લેક્ષ, ૨૨૫ સ્કવેર ફુટ જગ્યા વેચાવ છે તેમજ અભિષેક કોમ્પ્લેક્ષ, બીજા માળે, બે શટરવાળી દુકાન ૧૬૦ ફુટ જગ્યા વેચવાની છે.
સંપર્ક : મો. ૯૯૦૯૫ ૬૮૦૬૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...






### રાજ્યભરની એજન્સીઓ અલર્ટ બની

# સ્લીપર સેલની એક્ટિવિટી-સંલગ્ન લોકોની તપાસ માટે પોલીસ કામે લાગી

## સ્લીપર સેલ અને તેના આકાઓને શોધી ઉગતા જ ડામી દેવાનાઃ ગુજરાત પોલીસનું હવે એક જ ફોકસ

નવી દિલ્હી,તા.૨૮

પાકિસ્તાનથી ગુજરાત આવી ભારતીય નાગરિકતા મેળવનાર વેપારી પાકિસ્તાન માટે જાસૂસી કરતો હતો. અમદાવાદ એરપોર્ટ પર ઉતરેલા ચાર આતંકવાદીઓ એરપોર્ટ બહાર નીકળે તે પહેલાં જ ઝડપાઇ ગયા. તેઓ કોઇ મોટી ઘટનાને અંજામ આપી શકે તે માટે પહેલેથી જ ચિલોડામાં હથિયાર ગોઠવાઇ ગયા હતા. સૌરાષ્ટ્રના ડ્રગ્સ પેડલરને ગુજરાત રાજસ્થાન બોર્ડર નજીક ડ્રગ્સ છુપાવવાના આદેશ મળે અને પછી ચોક્કસ ટુકડી ડ્રગ્સ દિલ્હી પહોંચાડી દેતી હોય છે. સુરતની મહિલા સહિત ચાર શંકાસ્પદ આતંકવાદીઓ સૌરાષ્ટ્ર- કચ્છ બોર્ડરથી હોડીમાં પાકિસ્તાન ભુજ પહોંચ્યા અને પકડાઇ ગયા. તેમના માટે બોટની વ્યવસ્થા થઇ ગઇ હતી. મહારાષ્ટ્રના ડ્રગ્સ માફિયા દરિયાઇ માર્ગે પાકિસ્તાનના ડ્રગ્સ માફિયા પાસેથી ડ્રગ્સ લઇ આવ્યા તેઓ પરત આવે તે પહેલા કિનારે વ્યવસ્થા થઇ ગઇ હતી. આ તમામ કામગીરી કરવામાં આવી રહી છે ગુજરાતમાં કામ કરી રહેલા દુશ્મન દેશના સ્લીપર દ્વારા. ગુજરાત બ્લાસ્ટ હોય કે મુંબઇ બ્લાસ્ટ હોય તમામ આતંકવાદી કૃત્યોમાં સ્લીપર સેલની મહત્ત્વની ભૂમિકા સાબિત થઇ હતી. છેલ્લા એકાદ વર્ષથી ગુજરાતમાં જે રીતે સ્લીપર સેલની મૂવમેન્ટ વધી ગઇ છે તે ચિંતાજનક બાબત છે માટે હવે ગુજરાત પોલીસે રાજ્યમાં કાર્યરત સ્લીપર સેલ પર ત્રાટકવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

રાજ્યભરની એજન્સીઓ આ કામ માટે અલર્ટ બની ગઇ છે. તમારી આજુબાજુમાં જ સાવ સામાન્ય નાગરિકની જેમ કામ કરતા સ્લીપર સેલના માણસોને જ્યારે તેમના આકાઓ દ્વારા કોઇ આદેશ મળે કે તરત જ તેઓ એલર્ટ બની જતા હોય છે. સ્લીપર સેલનું કામ મુખ્યત્વે આતંકવાદી હુમલા પહેલાની અને હુમલા બાદની વ્યવસ્થા ગોઠવવાનું હોય છે. ૨૬-૧૧ના હુમલા પહેલા પણ સ્લીપર સેલ દ્વારાજ આતંકવાદીઓને મહત્વના ઈનપુટ આપવામાં આવ્યા હતા. જેને પગલે હવે સ્લીપર સેલ એક્ટિવ થાય તે પહેલાં જ તેને ડામી દેવો અનિવાર્ય છે. ગુજરાત એટીએસની ટીમે આઈએસના બગદાદીના પ્રભાવમાં આવી પાકિસ્તાની હેન્ડલર અબુના આદેશથી ગુજરાતમાં કોઈ મોટી ઘટનાને અંજામ આપવા માટે આવેલા શ્રીલંકાના ૪ આતંકવાદીઓને ઝડપી લીધા. તેમના મોબાઇલ ફોનમાંથી ચિલોડાની એક ચોક્કસ જગ્યાનું લોકેશન મળ્યું પોલીસ ત્યાં પહોંચી તો ત્યાંથી રિવોલ્વર અન કારતૂસ મળી આવ્યા. આ ઘટનાને લઇને ગુજરાત પોલીસ એલર્ટ બની ગઇ છે. જો સ્લીપર સેલ આતંકવાદીઓ માટે હથિયાર પહોંચાડી શકે તો તે કંઇ પણ કરી શકે છે. માટે જ હાલ અમદાવાદ ખાતેની એટીએસની કચેરીમાં આ ૪ આતંકવાદીઓ પાસેથી સ્લીપર સેલની વિગતો મેળવવા માટે ગુજરાત પોલીસ ઉપરાંત ૭ રાજ્યોની પોલીસ અને એનઆઇએ, રો અને સેન્ટ્રલ આઇબીની ટીમ પૂછપરછ કરી રહી છે.

થોડાં સમય પહેલાં જ ધોળકાના કિશન ભરવાડની હત્યા કેસમાં અચાનક જ એક્ટિવ બનેલા સ્લીપર સેલના માણસોએ જ હથિયારની વ્યવસ્થા કરી હતી. સુરત પોલીસે ઝડપી લીધેલા એક મૌલાનાના કેસમાં પણ સ્લીપર સેલની આક્રમક ભૂમિકા જોવા મળી રહી છે. જાસૂસીકાંડમાં પણ સ્લીપર સેલના સંડોવણી સામે આવી રહી છે.

### તોફાનથી સેંકડો મકાનો ધરાશાયી થયા

# અમેરિકામાં વાવાઝોડાએ તબાહી મચાવી, ચાર રાજ્યોમાં ૨૧ લોકોના મોત

## નેશનલ વેધર સર્વિસે જણાવ્યું હતું કે સોમવારે સાંજે ન્યુ જર્સી, ન્યુયોર્ક અને પેન્સિલવેનિયાના ભાગોમાં વાવાઝોડાની ચેતવણી જારી કરવામાં આવી હતી



નવી દિલ્હી, તા.૨૮

અમેરિકાના દક્ષિણ મેદાનો અને ઓઝાર્ક સહિત ચાર રાજ્યોમાં તોફાનના કારણે ૨૧ લોકોના મોત થયા હતા. વાવાઝોડાને કારણે સેંકડો મકાનો ધરાશાયી થયા હતા. તેમજ હવામાન વિભાગે હવામાન વધુ બગડવાની સંભાવના વ્યક્ત કરી છે.સમાચાર એજન્સી અનુસાર, અધિકારીનું કહેવું છે કે ત્રણ વર્ષની મેમોરિયલ રજા દરમિયાન મૃત્યુની સંખ્યામાં વધારો થયો છે. અરકાનસાસમાં ઓછામાં ઓછા આઠ, ટેક્સાસમાં સાત, કેન્ટુકીમાં ચાર અને ઓક્લાહોમામાં બે મૃત્યુ થયા છે.નેશનલ વેધર સર્વિસે જણાવ્યું હતું કે સોમવારે સાંજે ન્યુ જર્સી, ન્યુયોર્ક અને પેન્સિલવેનિયાના ભાગોમાં વાવાઝોડાની ચેતવણી જારી કરવામાં આવી હતી. તોફાનથી ૩૦ મિલિયનથી વધુ લોકો પ્રભાવિત થયા હતા, કારણ કે વાવાઝોડું પૂર્વ કિનારા તરફ આગળ વધવાની શક્યતાઓ હતી.તે જ સમયે, કેન્ટુકીના ગવર્નર એન્ડી બેશિયરે સોમવારે સવારે રાજ્યમાં આવેલા વાવાઝોડાને લઈને કટોકટીની સ્થિતિ જાહેર કરી હતી. એક અપડેટમાં, નેશનલ વેધર સર્વિસે એટલાન્ટા વિસ્તાર અને જ્યોર્જિયાના અન્ય ભાગો અને કેટલાક પશ્ચિમી દક્ષિણ કેરોલિના કાઉન્ટીઓ માટે ઓછામાં ઓછા સોમવારે બપોર સુધી ભારે તોફાનની ચેતવણી જારી કરી હતી. તેમણે સોમવારે મીડિયા બ્રીફિંગમાં એમ પણ કહ્યું હતું કે કેટલાક વિસ્તારોમાં વીજળી પુનઃસ્થાપિત કરવામાં ઘણા દિવસો લાગી શકે છે.''અમારા લોકો માટે તે મુશ્કેલ રાત હતી,'' બેશેરે સોમવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે તેણે પછીથી એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે વિનાશક વાવાઝોડાએ લગભગ સમગ્ર રાજ્યને અસર કરી. અધિકારીઓએ જણાવ્યું કે વાવાઝોડાથી ૧૦૦ રાજ્ય ધોરીમાર્ગો અને રસ્તાઓને નુકસાન થયું છે.ગવર્નર ગ્રેગ એબોટે રવિવારે મીડિયાને જણાવ્યું કે, ઓક્લાહોમા બોર્ડર પાસે ઉત્તરી ટેક્સાસમાં એક શક્તિશાળી ટોર્નેડોએ એક બે વર્ષના અને એક પાંચ વર્ષના બાળકનું મોત નીપજ્યું અને લગભગ ૧૦૦ લોકો ઘાયલ થયા.

### વીડિયો થયો વાયરલ

# દિલ્હી મેટ્રોમાં આગને કારણે અફરા-તફરીનો માહોલ

## દેશમાં ગરમીના કહેરને કારણે અવારનવાર આગ લાગવાના બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે



નવી દિલ્હી,તા.૨૮

દેશમાં ગરમીના કહેરને કારણે અવારનવાર આગ લાગવાના બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે. આ દરમિયાન દિલ્હી મેટ્રોમાં આગ લાગવાની માહિતી સામે આવી છે. આ ઘટનાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જ્વાળાઓ દેખાઈ રહી છે.હકીકતમાં, દિલ્હીના રાજીવ ચોક મેટ્રો સ્ટેશન પર ટ્રેનની છત પર આગ લાગી હતી. આ ઘટના સોમવારે સાંજે ૬.૨૧ કલાકે જણાવવામાં આવી રહી છે. આ ટ્રેન વૈશાલી તરફ જઈ રહી હતી.ડીએમઆરસીએ પણ મેટ્રોમાં આગ લાગવાની ઘટના અંગે માહિતી આપતા પોતાનું નિવેદન જાહેર કર્યું છે. ડીએમઆરસીએ કહ્યું કે એક વીડિયોમાં ટ્રેનની છતમાંથી નાની-મોટી જ્વાળાઓ દેખાઈ રહી છે. આ વીડિયોના સંદર્ભમાં સ્પષ્ટતા કરવી છે કે રાજીવ ચોક સ્ટેશનથી વૈશાલી તરફ જતી ટ્રેનમાં આ ઘટના સોમવારે સાંજે લગભગ ૬:૨૧ વાગ્યે બની હતી.ડીએમઆરસીના જણાવ્યા અનુસાર, આગનું કારણ પેન્ટોગ્રાફ ફ્લેશિંગ હતું જે કેટલીકવાર OHEના કેટલાક બાહ્ય ચીફ અને પેન્ટોગ્રાફ અટકી જવાને કારણે થાય છે. આના કારણે મુસાફરોની સુરક્ષાને કોઈ ખતરો નથી. જો કે આ મામલે તપાસ કરવામાં આવશે.અસરગ્રસ્ત પેન્ટોગ્રાફને તરત જ સેવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો અને ટ્રેનના બાકીના પેન્ટોગ્રાફ્સ સાથે લગભગ ૫ મિનિટની મુશ્કેલીનિવારણ પછી, ટ્રેને રાબેતા મુજબ તેની આગળની મુસાફરી શરૂ કરી હતી.

# પ્રેમીએ પ્રેમિકાના આધારકાર્ડમાં ચેડાં કરી હોટલમાં એન્ટ્રી મેળવતા હોબાળો

અમદાવાદ,તા.૨૮

જજીસ બંગલો રોડ પર આવેલી એક હોટલમાં એક યુવક અને તેની પ્રેમિકાએ એન્ટ્રી લીધી હતી. જે યુવક હતો તેણે તેની પ્રેમિકાના આધારકાર્ડમાં છેડછાડ કરી-એડિટીંગ કરીને નામઠામ બદલીને એન્ટ્રી લીધી હોવાનું વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરોને જાણવા મળ્યું હતું. જેથી આ કાર્યકર્તાઓ તાત્કાલિક હોટલ ખાતે પહોંચી ગયા હતા. જ્યાં આ યુવકને ઝડપી પાડી પોલીસને હવાલે કર્યો હતો. જેથી વસ્ત્રાપુર પોલીસે આ મામલે ખરાઈ કરીને બંને સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. વસ્ત્રાપુર પોલીસને જજીસ બંગલો રોડ પરની સુબા હોટલમાં ઝઘડો થયો હોવાનો મેસેજ મળતા પોલીસે ત્યાં પહોંચી હતી. ત્યાં પહોંચતા વિશ્વ હિન્દુ પરિષદ અને બદરંગ દળના કાર્યકરો હાજર હતા. આ લોકોએ પોલીસને જણાવ્યું કે, તેમણે હોટલમાંથી એક યુવકને તેની પ્રેમિકા સાથે ઝડપી પાડ્યો છે. યુવક અને યુવતી અલગ અલગ ધર્મના છે. જેથી પોલીસે ૨૪ વર્ષીય યુવતી અને રેહાન અહેમદ અબ્દુલ રશીદ શેખ (ઉ.૨૬, રહે. મસ્જિદ મહોલ્લો, છોટા ઉદેપુર) ને પકડીને પોલીસ સ્ટેશન લાવ્યા હતા. જ્યાં બંનેની પૂછપરછ કરતા તે બંને વચ્ચે એક વર્ષથી પ્રેમ સંબંધ હતો અને હોટલમાં મળવા માટે ભેગા થયા હતા.

# રાજકોટના ટી.આર.પી ગેમ ઝોનમાં આગ અકસ્માતમાં મૃત્યુ પામેલ દિવ્ય આત્માઓને દ્વારકામાં શ્રી શારદાપીઠ પટણાંગણમાં આપવામાં આવી શ્રદ્ધાંજલિ





(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૮

થોડા દિવસો પહેલા રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં આગ અકસ્માતમની ઘટનાથી રાજકોટ સહિત સમગ્ર ગુજરાત શોક મગ્ન છે ત્યારે ગઈકાલે દ્વારકામાં દ્વારકાધીશ જગત મંદિર પાસે આવેલા શારદાપીઠ પટલાંગણમાં સાંજે ૬ વાગ્યે રાજકોટ ટી.આર.પી ગેમ્સ અકસ્માતમાં મૃત્યુ પામનાર દિવ્ય આત્માઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

આ પ્રસંગે દ્વારકાધીશ જગત મંદિર પોલીસ સ્ટાફ,દેવસ્થાન સમિતિનો સ્ટાફ ,શ્રી ગુગ્ગુળી જ્ઞાતિ સદસ્યો તથા દ્વારકા તીર્થપંડા સભા સદસ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા.પ્રાર્થના બાદ ૨ મિનિટ મૌન અને ત્યારબાદ શ્રીમદ્ ભગવદ ગીતાના ૧૫માં અધ્યાયનું પઠન કરી દિવ્ય આત્માઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. આ ઘટનાને અનુલક્ષીને દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ પ્રમુખ શ્રી યજ્ઞેશભાઈ ઉપાધ્યાય તથા મંત્રી શ્રી કપિલભાઈ વાયડા એ અકસ્માત પીડિત પરિવારજનોને ભગવાન દ્વારકાધીશ આ દુઃખદ પરિસ્થિતિનો સામનો કરવા હિંમત આપે તેવી ઠાકોરજીના ચરણોમાં વિશેષ પ્રાર્થના કરી હતી.

# વિજાપુરનાં સરપંચ વિરૂધ્ધ નોંધાયેલ ફરીયાદમાં ફેર તપાસ કરવા ગ્રામજનોએ આવેદન આપ્યું





જૂનાગઢ તા. ૨૮

ગત તા. ૨૫ મેનાં જૂનાગઢ એ ડીવીઝન પો. વિસ્તારમાં બનેલી ઘટનામાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. જેમાં જૂનાગઢ તાલુકાનાં વિજાપુર ગામનાં સરપંચ પરેશભાઈ મોરવાડીયા તેમજ નવનિતભાઈ ચાવડા સામે વરૂણભાઈ ચાવડાએ ફરીયાદ દાખલ કરેલ છે. જેમાં આજરોજ વિજાપુર ગામનાં લોકોએ મોટી સંખ્યામાં એકત્રીત થઈ જૂનાગઢ એસપીને આવેદન પત્ર આપી વિજાપુર ગામનાં સરપંચ વિરૂધ્ધ થયેલ ફરીયાદમાં ખોટા આક્ષેપો કરવામાં આવ્યા હોવાનું જણાવી તેમજ લુંટનો આરોપ નાખવામાં આવેલ છે. તે તદન ખોટો આરોપ છે તેમ જણાવી ફેર તપાસ કરવા આવેદનપત્રમાં માંગણી કરી છે.

આવેદનપત્રમાં જણાવ્યા મુજબ ઉપરોકત કેસમાં પરેશભાઈ મોરવાડીયા અને નવનિતભાઈ ચાવડા સમાજમાં મોટુ નામ ધરાવે છે, આગેવાન છે, ખુબ સારી આબરૂ ધરાવે છે, પરંતુ ફરીયાદી દ્વારા લુંટનું જણાવી પોલીસને ગેરમાર્ગે દોરેલ છે. ફરીયાદી પોતાની દુકાનમાં સીસીટીવી પણ ધરાવે છે જેથી પોલીસે સીસી ટીવી ફુટેજ ચેક કરી યોગ્ય તપાસ કરવા આવેદનપત્રમાં માંગણી કરવામાં આવેલ છે.

### મુસાફરો પ્લેનની બારીમાંથી કૂદવા લાગ્યા

# દિલ્હીથી વારાણસી જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં અંધાધૂંધી

## ઈન્ડિગો એરલાઈનની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળ્યા બાદ મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો



નવી દિલ્હી,તા.૨૮

મંગળવારે સવારે ઈન્ડિગો એરલાઈનની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળ્યા બાદ મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. આ ફ્લાઈટ દિલ્હીથી વારાણસી જઈ રહી હતી. પ્લેનને તપાસ માટે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટની આઈસોલેશન ખાડીમાં લઈ જવામાં આવ્યું હતું. એરપોર્ટ અધિકારીએ ન્યૂઝ એજન્સીને જણાવ્યું કે એવિએશન સિક્યુરિટી, ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની ટીમો ઘટનાસ્થળે પહોંચી અને ફ્લાઈટનું નજીકથી નિરીક્ષણ કર્યું. બોમ્બની ધમકી મળ્યા પછી, ઈન્ડિગોના ક્રૂએ એલર્ટ જારી કર્યું અને મુસાફરોને પ્લેનમાંથી ઉતરી જવા વિનંતી કરી. કેટલાક મુસાફરો ઈમરજન્સી ગેટ પરથી નીચે કૂદવા લાગ્યા અને કેટલાક ફ્લાઈટની બારીમાંથી.દિલ્હી ફાયર સર્વિસે જણાવ્યું કે સવારે ૫.૩૫ વાગ્યે અમને દિલ્હીથી વારાણસી જઈ રહેલી ઈન્ડિગો ફ્લાઈટમાં બોમ્બ હોવાની માહિતી મળી હતી. અમારી ક્વિક રિસ્પોન્સ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. તમામ મુસાફરોને વિમાનના ઈમરજન્સી ગેટ દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા. આ દરમિયાન કેટલાક મુસાફરો ગભરાઈ ગયા અને પ્લેનમાંથી નીચે કૂદવા લાગ્યા. તમામ મુસાફરો સુરક્ષિત છે. ફ્લાઈટનું નિરીક્ષણ કરવા માટે તેને એરપોર્ટના એક ખાલી ભાગમાં લઈ જવામાં આવ્યો હતો. સમાચાર એજન્સી પીટીઆઈએ ઘટનાસ્થળે હાજર ઉડ્ડયન સુરક્ષા અધિકારીને ટાંકીને કહ્યું કે, ટેક ઓફ કરતા પહેલા દિલ્હી વારાણસી ઈન્ડિગો ફ્લાઈટના ક્રૂને પ્લેનના ટોઈલેટમાં એક નોટ મળી જેના પર બોમ્બ લખેલું હતું. આ નોંધને ધ્યાનમાં લેતા, ક્રૂએ IGI એરપોર્ટ એડમિનિસ્ટ્રેશનને એલર્ટ કર્યું અને પેસેન્જરને પ્લેનમાંથી નીચે ઉતાર્યા. ઈન્ડિગોએ એક નિવેદનમાં કહ્યું, 'દિલ્હીથી વારાણસી જતી ઈન્ડિગોની ફ્લાઈટ 6E221૧ને દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બોમ્બની ધમકી મળી હતી. તમામ જરૂરી પ્રોટોકોલનું પાલન કરવામાં આવ્યું હતું અને એરપોર્ટ સુરક્ષા એજન્સીઓની માર્ગદર્શિકા અનુસાર વિમાનને એરપોર્ટના મુખ્ય વિસ્તારથી દૂર ખસેડવામાં આવ્યું હતું. તમામ મુસાફરોને ઈમરજન્સી ગેટ દ્વારા સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. હાલમાં ફ્લાઈટનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. તમામ સુરક્ષા તપાસ પૂર્ણ થયા બાદ એરક્રાફ્ટને ફરી ટર્મિનલ વિસ્તારમાં લાવવામાં આવશે.

# મેરઠના SP ધારાસભ્ય રફીક અંસારીને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલાયો

નવી દિલ્હી,તા.૨૮

ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લામાંથી ધરપકડ કરાયેલા સમાજવાદી પાર્ટીના મેરઠ શહેરના ધારાસભ્ય રફીક અન્સારીને મોડી સાંજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. સુનાવણી બાદ, સપા ધારાસભ્ય રફીક અંસારીને MP/MLએ કોર્ટે 14 દિવસ માટે ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા હતા. ધારાસભ્ય વતી કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી જે કોર્ટે નામંજૂર કરી હતી.તે જ સમયે, ધારાસભ્ય રફીક અંસારીના વકીલે કોર્ટને તેમની સ્વાસ્થ્ય સમસ્યા વિશે જણાવ્યું હતું અને કહ્યું હતું કે થોડા મહિના પહેલા તેમનું હૃદયનું ઓપરેશન થયું હતું. આ પછી, કોર્ટે તેને કાયદા હેઠળ જેલમાં તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવાનું પણ કહ્યું છે.પોલીસ મોડી સાંજે સપા ધારાસભ્ય રફીક અંસારી સાથે મેરઠ પહોંચી હતી. તેને કોર્ટમાં રજૂ કરતા પહેલા જિલ્લા હોસ્પિટલમાં આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. આ પછી તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. રફીક અંસારીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા ત્યારે તેમના સમર્થકોએ કોર્ટની બહાર સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. સુરક્ષાને ધ્યાનમાં રાખીને કોર્ટની બહાર મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.વાસ્તવમાં, રફીક અન્સારીને લખનૌથી પરત ફરતી વખતે બારાબંકીથી પોલીસે ધરપકડ કરી હતી. 1995માં જ્યારે રફીક અંસારી કાઉન્સિલર હતા ત્યારે કતલખાનાને લઈને હોબાળો થયો હતો. આ દરમિયાન તોડફોડની ઘટના પણ પ્રકાશમાં આવી હતી. આ કેસમાં 35 થી 40 લોકો સામે કેસ નોંધવામાં આવ્યો હતો, જેમાં રફીક અંસારીનું નામ પણ છે. આ કેસમાં વોરંટ સૌપ્રથમ 1997માં જારી કરવામાં આવ્યું હતું, ત્યારબાદ રફીક આજ સુધી કોર્ટમાં હાજર થયો ન હતો.

# રાજકોટ ખાતે ફરજ બજાવતા પોલીસ કોન્સટેબલ રઘુવીદાન ગઢવી પરીવાર દ્વારા ૬ માસની મૃતક પુત્રીનું કર્યું ચક્ષુદાન


## માસુમ આપલબાની કીડની- લીવરની સારવાર કારગત નહી નિવડતા પરીવારે જી.ટી. શેઠ હોસ્પીટલની મદદથી સેવાનું કાર્ય કર્યું

રાજકોટ, તા.૨૮

સમાજમાં જ્યારે નાના માણસ દ્વારા લોક ઉપયોગી ઉમદા કાર્ય કરવામાં આવે છે, ત્યારે સામાન્ય રીતે સમાજના તમામ વર્ગના લોકો દ્વારા તેની નોંધ લેવામાં આવે છે. ઉપરાંત આવું પરોપકારનું કામ જ્યારે પોલીસ દ્વારા કરવામાં આવે છે, ત્યારે પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્ર ખરા અર્થમાં સાર્થક થાય છે. આવો જ એક કિસ્સો રાજકોટ ખાતે પ્રકાશમાં આવ્યો છે.

રાજકોટ શહેરમાં એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે પોલિસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા રઘુવીરદાન અજીતદાન ઈશરાણિ (ગઢવી)ને સંતાનમાં આજથી છએક માસ પહેલા એક દીકરી આયલબા રઘુવીરદાન ઈશરાણિ (ગઢવી)નો જન્મ થયેલ હતો. દીકરી આયાલબાને અઠવાડિયા પહેલાં કિડની અને લિવરની તકલીફ થતા તેને અમદાવાદ કિડની હોસ્પિટલ સારવાર માટે દાખલ કરેલ હતી. સારવાર દરમ્યાન ડોક્ટરો દ્વારા જરૂરી રિપોર્ટ કરી, નિદાન કરવામાં આવતા, દીકરી આયલબાની બનેં કિડની કામ કરતી ના હોય અને આગળ વધુ સારવાર કારગર નીવડે એમ ના હોય, જેથી હોસ્પિટલ ખાતેથી રજા આપી દીધેલ હતી. પરિવાર દ્વારા આયલબાને રાજકોટ કોઠારિયા નાકા ખાતે આવેલ દશા શ્રીમાળી હોસ્પિટલ ખાતે દાખલ કરેલ અને સારવાર ચાલુ રાખવામાં આવેલ હતી. જ્યાં સારવાર દરમ્યાન તા. ૨૭/૫/૨૦૨૪ ના રોજ વહેલી સવારે ડોક્ટર દ્વારા દીકરીને મરણ ગયેલ જાહેર કરેલ હતી.

ગઢવી પરિવારની વ્હાલસોયી દીકરી આયલબાનું અવસાન થતા પરિવાર દ્વારા આયલબાના અંગોનું દાન કરવાનું નક્કી કરી, ડોકટર પાસે ઈચ્છા વ્યક્ત કરતા, ડોકટર દ્વારા દીકરીની બંને આંખો ડોનેટ કરી શકાય, તેવું જણાવતા, પરિવાર દ્વારા દીકરીને બંને આંખ ડોનેટ કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. આ બાબતે જી.ટી.શેઠ આંખની સિવિલ હોસ્પિટલનો સંપર્ક કરી, રાત્રિ દરમ્યાન ડોક્ટરની ટીમ દ્વારા આંખની જરૂરી કાર્યવાહી કરી, માત્ર છ માસની દીકરી આયલબાની બને આંખ ડોનેટ કરવામાં આવેલ હતી. આયલબાના પિતા રઘુવીર દાન ગઢવી રાજકોટ શહેર પોલીસ ખાતે ફરજ બજાવે છે અને પોતાની પુત્રીની આંખ ડોનેટ કરી, ખરા અર્થમાં સમાજ સેવક અને પ્રજા સેવક તરીકે સમાજને એક ઉદારણ પૂરૂ પાડી, બીજાના કોઈ બાળકને અંધાપો દૂર કરી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તારદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરી, એક ઉત્તમ ઉદાહરણ પણ પૂરૂ પાડેલ છે. પોલીસ કોન્સ. રઘુવીર દાન ગઢવી ની સેવાકીય ભાવનાની પોલીસ કમિશનર શ્રી રાજુ ભાર્ગવ, જોઈન્ટ પોલીસ કમિશ્નર સુશ્રી વિધિ ચૌધરી, નાયબ પોલીસ કમિશ્નર સજ્જનસિંહ પરમાર, પાર્થરાજસિંહ ગોહિલ, સુધીર દેસાઈ સહિતના પોલીસ અધિકારીઓ દ્વારા બિરદાવવામાં આવી હતી.



# જૂનાગઢ લોકસભા બેઠકની આગામી તા.૪ જૂને મતગણરી થશે

## મત ગણતરી માટેની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરતા જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા




જૂનાગઢ, તા.૨૮

૧૩-જૂનાગઢ લોકસભા બેઠકની મત ગણતરી તા.૪-૬-૨૦૨૪ના રોજ થવાની છે, ત્યારે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી અનિલ કુમાર રાણાવાસિયાએ આજે મતગણતરી માટેની જરૂરી પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી હતી.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતેની કૃષિ અને ઈજનેરી મહાવિદ્યાલય ખાતે જૂનાગઢ લોકસભા બેઠક હેઠળના ૭ વિધાનસભા મતક્ષેત્રની મતગણતરી કરવામાં આવશે. આ માટે નિયત ટેબલ સહિત અન્ય વ્યવસ્થાઓ ગોઠવવા કલેક્ટરશ્રીએ સૂચના આપી હતી. ઉપરાંત સુરક્ષા, પાર્કિંગ સહિતની વ્યવસ્થા માટે પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ઉના, તાલાળા, કોડીનાર, સોમનાથ અને માંગરોળના મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા અને તેમની પાસેથી પણ કલેકટરશ્રીએ મત ગણતરી માટેની પૂર્વ તૈયારીઓની વિગતો મેળવી હતી. ઉલ્લેખનીય છે કે, મત ગણતરીમાં રોકાયેલા સ્ટાફને જરૂરી તાલીમ પણ આપવામાં આવે છે. જેથી મત ગણતરી માટેની નિયત પ્રક્રિયા સુચારુ રીતે અનુસરી શકાય.

કલેકટરે ભારે ગરમીને ધ્યાનમાં રાખી મત ગણતરી કેન્દ્ર ખાતે આરોગ્ય ટીમ ORS સહિત જરૂરી દવાઓ સાથે ફરજરત રહે તે માટે નિર્દેશ આપ્યા હતા. આ સાથે ૧૦૮ની સેવાઓ મળી રહે તે માટે એમ્બ્યુલન્સ સ્ટેન્ડ બાય રાખવા માટે પણ સૂચના આપી હતી. આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, નિવાસી અધિક કલેકટર એન.એફ. ચૌધરી, ગીર સોમનાથ જિલ્લાના આર.એ.સી બાટી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી હર્ષ પટેલ, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, કીર્તનબેન રાઠોડ સહિતના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# NSSના રિજિયોનલ ડાયરેક્ટર ડો.કમલકુમાર કર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની મુલાકાતે



જુનાગઢ, તા.૨૮

સમગ્ર ગુજરાતમાં અંદાજે બે લાખથી વધુ સ્વયંસેવકો ધરાવતા નેશનલ સર્વિસ સ્કીમ એટલે કે NSSના રિજિયોનલ ડાયરેક્ટર ડો.કમલકુમાર કર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ડો.કમલકુમાર કર દ્વારા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં દ્વજીજીની થતી પ્રવૃત્તિઓની રૂપરેખા અંગે વિસ્તૃત છણાવટ કરી જાણકારી મેળવી હતી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડો.) ચેતનભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એનએસએસરિજિયોનલ ડાયરેક્ટર ડો.કમલકુમાર કરને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા સન્માનિત કરી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ તકે યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડો.ડી.એચ. સુખડિયા, યુનિવર્સિટીના એનએસએસ કો-ઓર્ડીનેટર ડો.પરાગ દેવાણી,યુનિવર્સિટીના નાણા અને હિસાબી અધિકારી ડો.કિર્તીબા વાઘેલા, એનએસએસેલના ભાવિનભાઈ જસાણી તથા શોએબ પલેજા વગેરે હાજર રહ્યા હતા. મિટિંગમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ દ્વારા થયેલ કાર્યની સમીક્ષા કરવામાં આવી હતી. આગામી વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ઝોનલ કેમ્પ, નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પ, સહિતના રાષ્ટ્રભાવના, રાષ્ટ્રહિત, રાષ્ટ્રસેવાને ઉજાગર કરતા કાર્યક્રમોનું આયોજન કરવા તદ્દુપરાંત આગામી વર્ષથી યુનિવર્સિટી દ્વારા બે પુરુષ અને બે મહિલા સ્વયંસેવકોને બેસ્ટ વોલિએન્ટર્સ એવોર્ડ આપવા પ્રસ્તાવ મુકાયેલ, એનએસએસના નવા યુનિટો ફાળવવાની સાથે સાથે ડિજિટલ લિટ્રેસી કેમ્પિયન ઉપર પણ ભાર આપવામાં આવશે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં થતા એનએસએસ સ્પેશિયલ કેમ્પમાં પ્રજ્ઞા સભા દ્વારા પ્રકાશિત વિદ્યાર્થી વ્યક્તિત્વ વિકાસ કાર્યક્રમ બુકને લઈને વિદ્યાર્થીલક્ષી આયોજન કરવાનું પણ ઈચ્છનીય ગણવામાં આવ્યું હતું આ તકે નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડો.) ચેતનભાઈ ત્રિવેદીએ NSS ના રિજિયોનલ ડાયરેકટરે યુનિવર્સિટીના કાર્યક્ષેત્રીય ફલક પર નેશનલ સર્વિસ સ્કીમ અંતર્ગત થતી પ્રવૃત્તિની વિગતો પૂરી પાડી હતી.

# જૂનાગઢ તાલુકા સેવા સદનના બિલ્ડીંગ અને ૩૦૦ મીટર આસપાસના વિસ્તારમાં અનઅધિકૃત વ્યકિતઓને બેસવા ઉપર પ્રતિબંધ

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ સરદારબાગ નજીક આવેલ તાલુકા સેવા સદનના બિલ્ડીંગ તથા આજુબાજમાં અનઅધિકૃત વ્યકિતઓ અરજદારોની અરજી તૈયાર કરવાની કામગીરી કરતા જોવા મળે છે. જેના કારણે ભીડ એકઠી થતા કોરોના સંક્રમણ વધવાની શકયતા હોવાથી જૂનાગઢ પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ દ્વારા જૂનાગઢ તાલુકા સેવા સદનના બિલ્ડીંગ અને તેની ૩૦૦ મીટરના વિસ્તારમાં પીટીશન રાઈટરો સિવાયના અનઅધિકૃત વ્યકિતઓ એજન્ટોને બેસવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

જૂનાગઢ શહેરના સરદારબાગ પાસે આવેલ તાલુકા સેવા સદન બિલ્ડીંગ તથા તેની આજુ બાજુ વિસ્તારમાં સક્ષમ અધિકારીની મંજુરી ન ધરાવતા હોય તેવા અનઅધિકૃત વ્યકિતઓ દ્વારા અરજદારોની અરજીઓ તૈયાર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. આથી કચેરી કમ્પાઉન્ડમાં તથા કચેરીની આજુબાજુમાં બેસવાના કારણે બીનજરૂરી ભીડ એકત્ર થાય છે. જેને કારણે પ્રવર્તમાન કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાને લેતા સરકારની સોશ્યલ ડીસ્ટન્ટ તથા તકેદારીની સૂચનાઓનો ભંગ થાય છે. આથી કોરોના સંક્રમણ વધુ ન ફેલાય તે માટે જૂનાગઢ સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચરણસિંહ ગોહિલને મળેલી સત્તાની રૂએ લાયસન્સી પીટીશન રાઈટરો સિવાયના બીનએજન્ટોએ તાલુકા સેવા સદન તથા તેમની આસપાસ ૩૦૦ મીટરના વિસ્તારમાં અરજીઓ વગેરેના લખાણો કરવા બેસવું નહીં કે પરવાનગી વિના બિનઅધિકૃત કામગીરી કરવી નહીં. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષા પાત્ર કાર્યવાહી કરવામાં આવશે. આ જાહેરનામું તાત્કાલિક અસરથી ૩૧/૮/૨૦૨૪ સુધી અમલમાં રહેશે.

# રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડમાં મૃતકોને શ્રદ્ધાંજલિ અપાઈ

## વિજ્ઞાન જાથા-જીવનનગર સમિતિ ઉપક્રમે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો



રાજકોટ, તા.૨૮

ભારત જન વિજ્ઞાન જાથા અને જીવનનગર વિકાસ સમિતિ ઉપક્રમે ગેમ ઝોનમાં મૃત્યુ પામેલાઓને ભાવપૂર્વ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવપરા, અમીપાર્ક માં આવેલી દુકાનોના વેપારીઓએ બપોર સુધી બંધ રાખી મૃતકોના મોત માં શોક પાળવાનો નિર્ણય લીધો હતો. નિર્દોષ નાગરિકોના મોત સંબંધી ઊંડો આઘાત, શોકની લાગણી દર્શાવવામાં આવી હતી. બે મિનિટ મૌન પાળી કસુરવાનો સામે કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. ભવિષ્યમાં દુઃખદ બનાવોનું પુનરાવર્તન ન થાય તે સંબંધી સરકારને આવેદનપત્ર આપવાનું નક્કી થયું હતું. જાથાના ચેરમેન, એડવોકેટ જયંત પંડયાએ મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પી ગેમ ઝોનના અંગ્નિકાંડમાં દોષિતો સામે કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. સમિતિના વિનોદ રાય ભટ્ટ, વિજયભાઈ જોબનપુત્રા, પાર્થ ગોહેલ, વિનુભાઈ ઉપાધ્યાય, મજેઠીયા ભાઈ, મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, ભારતીબેન ગંગદેવ, જયોતિબેન પૂજારા, વાસંતીબેન ત્રિવેદી, હર્ષાબેન પંડ્યા, યોગિતાબેન જોબનપુત્રા, પૂફુલાબેન બોરીચા, ભદ્રાબેન ગોહેલ, કુસુમબેન ચૌહાણ, ભક્તિબેન, આશાબેન મજેઠીયા, શોભનાબેન ભાણવળીયા, દક્ષાબેન પાઠક, રહીશોએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડમાં સરકારી તંત્ર જવાબદાર : વિજ્ઞાન જાથા

## કસુરવાન અધિકારીઓને આરોપી બનાવવા વિજ્ઞાન જાથાની માંગણી

રાજકોટ, તા.૨૮

રાજકોટ મવડી વિસ્તારમાં ટી.આર.પી. ગેમ ઝોનમાં ગમખ્વાર અકસ્માત, અગ્નિકાંડ—મોતકાંડમાં સરકારી તંત્ર જવાબદાર સાથે માનવસર્જિત હોવાનું ભારત જન વિજ્ઞાન જાથાનું સ્પષ્ટ તારણ છે. કસુરવાન અધિકારીઓને સસ્પેન્ડ કરતાં આરોપી બનાવવાની માંગ કરવામાં આવે છે. પોલીસ તંત્રે મંજુરી આપી છે તેથી પોલીસ ફરિયાદી બને ત્યારે આશંકા ઉપજે છે. અગાઉ સીટની રચનામાં એકપણ આરોપીને સજા થઈ હોઈ તેવું જાણમાં નથી. સીટની રચનામાં સ્થાનિક અનુભવી તજજ્ઞોને સામેલ કરવા જોઈએ. સીટની રચના કસુરવાનોને છાવરવાનું ગતકડું સાબિત થયું છે. જાથાના ચેરમેન—એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે રાજકોટ ગેમ ઝોનમાં ગમખ્વાર અકસ્માતમાં નિર્દોષ ૩૦ થી વધુ નાગરિકોના મોતની આશંકા છે ત્યારે સરકારનું રાબેતા મુજબનું કડક વલણ જોવા મળે છે. વાસ્તવમાં અગાઉના પાંચ—છ અગ્નિકાંડ—પાણીકાંડ જેવી આઘાતજનક ઘટનામાં એકપણ આરોપીને સજા થઈ હોઈ તેવું જાણમાં નથી. સીટની રચના, કસુરવાનોને છાવરવાનું માત્ર ગતકડું સાબિત થયું છે. ગેમ ઝોનમાં અગ્નિકાંડમાં મહાનગરપાલિકા, પોલીસ તંત્ર, પી.જી.વી.સી.એલ., મનોરંજન કર શાખા, મામલતદાર, વેરા વિભાગ સહિત ભ્રષ્ટ મનોવૃત્તિ ધરાવનારા, જગ્યાના માલિક, સંચાલકો સાથેનું ષડયંત્ર જાથાના તારણમાં જોવા મળે છે. સસ્પેન્ડ થયેલા મોટાભાગના અધિકારીઓ સમયાંતરે નોકરીમાં પરત આવે છે. કસુરવાન અધિકારીઓને આરોપી બનાવી જેલના સળીયા પાછળ ધકેલવા જાથા માંગણી કરે છે. બીજીવાર આવા બનાવોનું પુનરાવર્તન ન થાય તેવો જાથાનો મત છે. વર્તમાન સમયે સરકારની કામગીરીથી લોકો સંતુષ્ટ નથી. પોલીસ તંત્ર લોકોની મદદ માટે હોય છે, ભય કે ડરાવવા માટે નહિ તેવું સાબિત કરવું પડશે. પોલીસ તંત્રે જ મંજુરી કયા આધારે આપી તે યક્ષ પ્રશ્ન છે ? આવા કિસ્સામાં પોલીસ ફરિયાદી બને તો કસુરવાનોને છાવરશે તેવો લોકોનો અભિપ્રાય છે. તેથી તટસ્થ એજન્સી કે વ્યક્તિને ફરીયાદી બનાવવા જોઈએ.

વધુમાં જયંત પંડયા જણાવે છે કે બે દિવસમાં મળેલા તથ્યોને આધારે ૩૦૦૦ ચો.મીટરનો મહાનગરપાલિકા વેરો વસુલે છે ત્યારે તેમાંનું કામચલાઉ બાંધકામ, સ્ટ્રકચર, ગેમ ઝોન તેની પ્રવૃતિઓ, પાર્ટી પ્લોટનો કોમર્શિયલ હેતુ કેમ ધ્યાનમાં આવ્યું નહિ. ટાઉન પ્લાનીંગ શાખા નાના મકાનો, ગરીબોને નોટીસ આપે છે. આ કિસ્સામાં એકપણ નોટીસ આપી નથી, તેથી ભ્રષ્ટાચારની ગંધ આવે છે. મીલીભગત સ્પષ્ટ દેખાય છે. પી.જી.વી.સી.એલ. માં કેટલા હોર્સ પાવરની માંગણી, સ્થળ ઉપર તપાસ નાટક સાબિત થયું છે. તેના અધિકારીના ખિસ્સા આશંકા ઉપજાવે છે. ૩૦૦૦૦ ફુટમાં ડોમ વિગેરે પાવર લાઈન અકસ્માત સામેની સગવડ ઉભી કરી છે કે નહિ તે નજરઅંદાજ કર્યો છે. તેથી ગુન્હાહિત પ્રવૃતિમાં સામેલને આરોપી બનાવવા જોઈએ. વેરા વિભાગ, ફાયર, બાંધકામ શાખા પણ જવાબદાર છે. પોલીસ તંત્રે કયા આધરે અગાઉ મંજુરી આપી તે તપાસનો વિષય છે. આવા દુઃખદ બનાવોનું પુનરાવર્તન ન થાય તેથી જાથાએ વિચાર રજૂ કર્યો છે. વિશેષમાં જયંત પંડયા જણાવે છે કે સરકારી તંત્ર સાથે જગ્યાના માલિક, ગેમ ઝોનના સંચાલક વિગેરે ઈસમો આ કમનસીબ ઘટનામાં સામેલગીરી હોય તેવું જણાય છે. તેથી પુનરાવર્તન ન થાય તેવા પ્રયાસો માટે જાથાએ ઝંપલાવ્યું છે. નિર્દોષ હોમાઈ ગયા તે માટે કસુરવાનોને સજા થવી જોઈએ તેવો સ્પષ્ટ મત જાથા રાખે છે. મનોરંજન કર વિભાગ, મામલતદાર, ટિકીટના દર, પેકેજમાં વારંવાર ફેરફારો કરે તો જવાબદાર અધિકારીની જાણ બહાર ગેમ ઝોન કરતું હતું તો તેમાં સંચાલકની આર્થિક તાકાત, ધાક કારણભૂત હોઈ શકે. પેટ્રોલ—ડિઝલનો મોટા પ્રમાણમાં જથ્થો હતો તેમાં તથ્ય બહાર આવવું જોઈએ. તેમાં દોષિતોને જેલ ભેગા કરવા જોઈએ. વારંવાર આવી ક્રુર—દુઃખદ ઘટના ન બને તે માટે સૌ કોઈ ચિંતિત છીએ. જાથાના પંડયા જણાવે છે કે સીટની છાપ ખરડાઈ ગઈ છે. લોકોને વિશ્વાસ નથી. તેથી બહારના તજજ્ઞોનો સમાવેશ કરવો જોઈએ. કસુરવાન સરકારી અધિકારી ઉપરાંત ગેમ ઝોનના કસુરવાન તમામને આરોપી બનાવી દાખલારૂપ કામગીર માટે સરકારને પ્રાર્થના કરવામાં આવે છે. અગાઉની સીટની રચના ફારસ સાબિત થઈ છે. આરોપીઓ જામીન મેળવી કેસને રફેદફે કરી નાખે છે તેથી જાથા લોકોની ચિંતા સાથે સહમત છે. અંતમાં સરકાર એકવાર દોષિત અધિકારીઓ ઉપર દાખલારૂપ કામગીરી કરશે તો વિશ્વસનીયતા સાબિત થશે. જાથા સરકારને રૂબરૂમાં આવેદનપત્ર આપી પોતાનો મત રજૂ કરશે. ભવિષ્યમાં આવા દુઃખદ બનાવોનું પુનરાવર્તન ન થાય તે સંબંધી કાર્યવાહીની માંગ કરશે. સરકારે આજે નહિં તો કાલે ભ્રષ્ટાચારની હપ્તાની જુગલબંધી બંધ કરાવી પડશે. પોલીસની કામગીરી આશંકા બતાવે છે. જાથા સમાજનું અંગ છે. છેલ્લા ૩૩ વર્ષથી બંધારણના આમુખ પ્રમાણે કામ કરે છે. સત્યનું ઉજાગર કરવાનો પ્રયત્ન છે. માનવું, ન માનવું તે સૌનો અધિકાર છે. કસુરવાન તમામને જેલના સળીયા પાછળ ધકેલી દેવા માંગણી કરવામાં આવે છે.

### આમ આદમી પાર્ટી ગીર સોમનાથ દ્વારા

# સ્માર્ટ મીટર પ્રશ્ને તેમજ રાજકોટ અગ્નિકાંડના જવાબદારો સામે પગલાની માંગ સાથે આવેદન પત્ર અપાયું



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૮

આમ આદમી પાર્ટી ગીર સોમનાથ દ્વારા નવા સ્માર્ટ મીટર લગાવવા બાબતે તેમજ રાજકોટ ખાતે થયેલા અગ્નિકાંડના જવાબદારો સામે કડક પગલા ભરવાની માંગણી કરતું એક વિસ્તૃત આવેદનપત્ર કોડીનારના મામલતદારને પાઠવવામાં આવ્યું હતું.

ગુજરાતમાં ભાજપ સરકાર દ્વારા લાવવામાં આવેલ નવી સ્માર્ટ મીટર ( લૂંટ )યોજના તાત્કાલિક અસરથી બંધ કરી, ગુજરાતના લોકોને પણ દિલ્હી-પંજાબના લોકોની જેમ મહીને ૩૦૦ યુનિટ વીજળી ફ્રી આપવાની માંગ તેમજ રાજકોટ ખાતે ટી.આર.પી.ગેમઝોનમાં બનેલી માનવસર્જિત હોનારતના જવાબદારો સામે કડક પગલાં ભરવાની માંગણી કરી હતી.

શનીવારે રોજકોટ ખાતે ટીઆરપી ગેમઝોન માં બનેલી માનવ સર્જીત હોનારતમાં ગુજરાતમાં આવી દુર્ઘટનાઓ ભ્રષ્ટ ભાજપ સરકાર અને વહીવટીતંત્રના પાપે વારંવાર બને છે દોષિતો સામે સત્વરે તટસ્થ તપાસ કરી જવાબદારો સામે કડકમાં કડક કાર્યવાહી કરી મૃતકો અને એમના પરિવારને ન્યાય આપવાની માગણી સાથે કોડીનાર મામલતદારશ્રી મારફત ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને આવેદનપત્ર સ્વરૂપે રજુઆત કરી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

### નાગરીકતા સંશોધન કાયદાને લઈને જૂઠ્ઠાણાનો પહાડ ઉભો કરાયો

નાગરિકતા સંશોધન કાયદાના નિયમોને અધિસૂચિત કરવાના બે મહિનાની અંદર ત્રણસોથી વધુ લોકોને નાગરિકતા પ્રદાન કરવાના બીજા જ દિવસે વડાપ્રધાન મોદીએ આઝમગઢમાં એક સભાને સંબોધિત કરતાં બિલકુલ સાચું કહ્યું કે આ કાયદાને લઈને જૂઠ્ઠાણાનો પહાડ ઊભો કરવાનું કામ કરવામાં આવ્યું અને રમખાણો પણ કરાવવામાં આવ્યાં. આ જૂઠ્ઠાણું વિપક્ષો દ્વારા ફેલાવવામાં આવ્યું હતું, તેથી તેઓ એ આરોપથી બચી ન શકે કે તેમણે લોકોને ગુમરાહ કરીને સડકો પર રમખાણ મચાવવા ઉશ્કેર્યા. આ જ લોકોએ હિંસા અને ઉપદ્રવનો સહારો લીધો હતો. નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ જે હિંસક પ્રદર્શન થયાં, તેમાં સરકારી અદ્ધે બિનસરકારી સંપત્તિને તો નુકસાન પહોંચાડવામાં આવ્યું જ હતું, તેમાં જાનમાલનું પણ નુકસાન થયું હતું. આ હિંસક પ્રદર્શનોને કારણે લાખો લોકોએ પરેશાનીનો સામનો કરવો પડ્યો. દુર્ભાગ્યે દિલ્હીના લોકોએ તો ઘણો વધારે, કારણ કે અહીં જ શાહીનબાગ વિસ્તારમાં એક વ્યસ્ત સડકને અવરુદ્ધ કરીને મહિનાઓ સુધી ટ્રાફિકને રોકવામાં આવ્યો. આ અરાજક ધરણાંને કારણે દિલ્હીએ ભીષણ રમખાણોનો સામનો કરવો પડ્યો, જેમાં ૫૦ થી વધુ લોકો માર્યા ગયા. તેનાથી દેશની બદનામી પણ થઈ, કારણ કે આ રમખાણો સમય તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિ ભારતમાં હતા.

નાગરિકતા સંશોધન કાયદાને લઈને લોકોને કઈ રીતે ભરમાવવામાં આવ્યા, તેનો એક નમૂનો એ છે કે બે મહિના પહેલાં જ્યારે આ કાયદાના નિયમો અધિસૂચિત કરવામાં આવ્યા તો ક્યાંય કોઈ વિરોધ જોવા ન મળ્યો. વિરોધના નામે માત્ર થોડાં નિવેદનો જ આવ્યાં અને તે પણ મુસ્લિમ વોટબેંકની રાજનીતિ કરનારા વિરોધ પક્ષના નેતાઓ દ્વારા. સ્પષ્ટ છે કે લોકો સમજી ગયા છે કે આ કાયદાના વિરોધમાં ખરેખર જૂઠ્ઠાણાનો પહાડ ઊભો કરવામાં આવ્યો હતો અને એ કોરી અફવા હતી કે આ કાયદાથી ભારતના મુસલમાનોની નાગરિકતા છીનવી લેવામાં આવશે. આ કાયદો તો ત્રણ પડોશી દેશો - અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં સતામણી કરાયેલા ત્યાંના એ અલ્પસંખ્યકો માટે છે, જે કોઈક રીતે પોતાનો જીવ બચાવીને ભારત આવી ગયા. એવા જ કેટલાક લોકોને ગત રોજ ભારતની નાગરિકતા પ્રદાન કરવામાં આવી. આ દીન-હીન લોકોને નાગરિકતા આપવાનો વિરોધ કેમ? આખરે આ સતાવાયેલા લોકોને નાગરિકતા આપવી કઈ રીતે ખોટું છે? આ તો ભારતનું નૈતિક દાયિત્વ છે અને એક રીતે વિભાજનના સમયની ભૂલને સુધારવાની કોશિશ પણ છે. એ શરમજનક છે કે કેટલાક પક્ષો અને વિશેષ રૂપે તૃણમૂલ કોંગ્રેસ અદ્ધે ડાબેરીઓ હજુ પણ નાગરિકતા સંશોધન કાયદાનો વિરોધ કરી રહ્યા છે. તેમના દબાણમાં આવીને કોંગ્રેસ પણ એમ કહેવા લાગી છે કે સત્તામાં આવતાં જ તે સૌથી પહેલાં આ કાયદાને ખતમ કરવાનું કામ કરશે. આખરે કોંગ્રેસ કે પછી અન્ય પક્ષો આ અમાનવીય-અનૈતિક કામ કરવાનો વાયદો કઈ રીતે કરી શકે?

### બે ટ્વિટથી રૂપાલાની ફરજ પૂરી થાય છે

# રાજકોટમાં આવડી મોટી દુર્ઘટના બની, અને ગાયબ છે રૂપાલા સાહેબ

## આટલી મોટી ઘટનામાં રૂપાલાએ માત્ર બે ટ્વીટ કરીને પોતાની જવાબદારી પૂરી કરી પરંતુ બે દિવસમાં તેમણે રાજકોટ આવવાની તસ્દી પણ ન લીધી



રાજકોટ,તા.૨૮

રાજકોટ ગેમઝોન અગ્નિકાંડમાં ચારેતરફથી સરકારના માથે માછલા ધોવાઈ રહ્યાં છે. ચમરબંધીઓને છોડવામાં નહિ આવે એવુ વારંવાર કહેતી સરકાર પાછળથી બદલાઈ જાય છે. રાજકોટ ગેમઝોનની આગમાં ૨૮ જીવતા ભુંજાયા. બે દિવસથી પીડિત પરિવારોએ પાણી પીધું નથી, તેમના ગળાથી કોળિયો પણ ઉતર્યો નથી. બે દિવસથી રાજકોટમાં ધમાલ મચી છે. ગાંધીનગરમાં બેસેલી સરકાર પણ દોડતી થઈ ગઈ છે, પરંતુ ભાજપે જેમને લોકસભાની ચૂંટણીમાં ઉમેદવાર બનાવ્યા તે પરસોત્તમ રૂપાલા આખા પિક્ચરમાં ગાયબ છે. મત માંગવા રૂપાલા આખું રાજકોટ ફેંદી વળ્યાં, સભાઓ કરી, રેલીઓ કાઢી, પરંતુ જ્યારે રાજકોટને જરૂર પડી ત્યારે જ રૂપાલા ગાયબ રહ્યાં. રૂપાલાને રાજકોટવાસીઓના આસું લૂંછવાનો સમય કેમ ન મળ્યો

રાજકોટ ખાતે TRPગેમ ઝોનમાં આગ લાગવાથી સર્જાયેલી દુર્ઘટના વિશે સાંભળીને શોકની લાગણી અનુભવું છું. આ ગંભીર દુર્ઘટનામાં રાહત, બચાવ અને ઈજાગ્રસ્તોને ઝડપી સારવાર આપવા માટે કલેકટર, પોલીસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનર સાથે ચર્ચા કરી. પ્રભુ મૃતકોના આત્માને ચિર શાંતિ સહ તેમના પરિજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ અર્પે તેમજ ઈજાગ્રસ્તનો ઝડપથી સ્વાસ્થ્ય લાભ પ્રદાન કરે, તેવી પ્રાર્થના.

રાજકોટ અગ્નિકાંડમાં અડધું રાજકોટ પીડિત પરિવારોની મદદે આવ્યું હતું. સ્થાનિક નેતાઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ગાંધીનગરથી મુખ્યમંત્રી, ગૃહ રાજ્યમંત્રી દોડતા આવી ગયા હતા. બે દિવસથી રાજકોટ આખા દેશમા ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. ત્યારે આવા મોટા અગ્નિકાંડમાં ભાજપના નેતા પરસોત્તમ રૂપાલા ગાયબ દેખાયા. આટલી મોટી ઘટનામાં રૂપાલાએ માત્ર બે ટ્વીટ કરીને પોતાની જવાબદારી પૂરી કરી. પરંતુ બે દિવસમાં તેમણે રાજકોટ આવવાની તસ્દી પણ ન લીધી. રૂપાલા એવા તો કયા કામમાં વ્યસ્ત હતા, તે તેઓને રાજકોટની હોસ્પિટલમાં પીડિત પરિવારોને મળવાનો વિચાર પણ ન આવ્યો.

લોકસભાની ચૂંટણીમાં ભાજપે પેરાશૂટ ઉમેદવાર તરીકે પરસોત્તમ રૂપાલાને ટિકિટ આપી હતી. આંતરિક વિવાદ અને રાજપૂતોના વિરોધ વચ્ચે પણ ભાજપ પોતાના ઉમેદવાર માટે મક્કમ હતું. રાજકોટમાંથી રૂપાલા નહિ હટે તેવું ભાજપે ઠાની લીધું હતું. વિરોધ વચ્ચે પણ રાજકોટવાસીઓ રૂપાલાને પડખે રહ્યા હતા. ભાજપના ઉમેદવારને તેઓએ માથે બેસાડીને સાથ આપ્યો હતો.

રૂપાલાએ જ્યાં જ્યાં રેલી કરી ત્યાં રાજકોટમાં જનમેદની ભેગી થઈ હતી. રાજકોટવાસીઓએ રૂપાલાને સાથ આપ્યો, પણ જ્યારે રાજકોટવાસીઓને જરૂર પડી ત્યારે રૂપાલા જ ન દેખાયા. તો શું રૂપાલાને રેલી અને સભા યોજવાનો સમય હતો, પણ રાજકોટવાસીઓના આસું લૂંછવાનો સમય તેમને ન મળ્યો.

જો રૂપાલા લોકસભાની ચૂંટણીમાં જીત્યા તો આ જ તેમનો સંસદીય વિસ્તાર બનશે. પરિણામ પહેલા જ રૂપાલા રાજકોટની અવગણના કરી શક્તા હોવ, તો પછી પરિણામ બાદ શું થશે. ગમે તે હોય, પણ રૂપાલાજી આ તમારી જવાબદારીમાં આવતું હતું. રાજકોટના ઉમેદવાર તરીકે નહિ, પણ માનવતા દાખવીને પણ ભાજપના અન્ય નેતાઓની જેમ તમારે રાજકોટ આવવું જોઈતું હતું. પણ, તમે ન આવ્યા.

# શાળામાં ફાયર સેફ્ટી અને NOC સંબંધે ચેકિંગ હાથ ધરાયું

## શિક્ષણ નિરીક્ષક દ્વારા આકસ્મિક વિઝિટ કરી શહેર દરેક શાળાની મુલાકાત લેવાશે અને ફાયર સેફ્ટીના ઉપકરણો કાર્યરત છે કે નહીં તેનું ચેકિંગ હાથ ધરવામાં આવશે

અમદાવાદ,તા.૨૮

રાજકોટના ગેમઝોનમાં થયેલા ગોઝારા અગ્નિકાંડમાં ફાયર સેફ્ટીની કોઈ સુવિધા ન હોવાને કારણે અસંખ્ય જિંદગીઓ આગમાં હોમાઈ ગઈ અને અનેક પરિવારોએ એમના વ્હાલસોયા સ્વજનોને ગુમાવવા પડ્યા છે. ગુજરાતના ઈતિહાસમાં કાળા દિવસ તરીકે અંકિત થઈ ગયેલી અગ્નિકાંડની આ ઘટના બાદ હવે રાજ્યના તમામ વિભાગો સફાળા જાગ્યા છે અને ફાયર સેફ્ટી સંબંધે ચેકિંગ કરવામાં આવી રહ્યુ છે. આ ઘટના બાદ અમદાવાદ જિલ્લા શિક્ષણ વિભાગ પણ સક્રિય થયુ છે અને ડીઈઓ દ્વારા શહેરની દરેક શાળાઓને પરિપત્ર કરી ફાયર સેફ્ટીનું ચેકિંગ કરવા નિર્દેશ કરાયો છે. જિલ્લાની દરેક શાળાઓને પરિપત્ર કરી જણાવવામાં આવ્યુ છે કે હાલ વેકેશન ચાલી રહ્યુ છે અને નવુ સત્ર શરૂ થાય એ પહેલા ફાયર સેફ્ટીના સાધનોની ચકાસણી કરી લે અને નવા સાધનો વસાવવાની જરૂર હોય તો એ નવા વસાવી લે. ફાયર સેફ્ટીની ગંભીરતા સમજી ઉપકરણોને કાર્યરત રાખવા અને ફાયર એનઓસી રિન્યુ કરવા અંગે પણ તમામ શાળાઓના આચાર્યોને સૂચના આપવામાં આવી છે. ડીઈઓના પરિપત્ર મુજબ દરેક શાળામાં એક શિક્ષણ નિરીક્ષક જઈને આકસ્મિક વિઝિટ કરશે અને ફાયર સેફ્ટી સંદર્ભે ચેકિંગ હાથ ધરશે. આ દરમિયાન શાળામાં ફાયર સેફ્ટીને લગતી કોઈ ખામી જણાશે તો ડીઈઓને રિપોર્ટ કરશે.હાલ ગરમીની સિઝનમાં આગના બનાવો વધુ બનતા હોય છે ત્યારે દરેક શાળા પાસે કાર્યરત હાલતમાં ફાયર સેફ્ટીના ઉપકરણો અને ફાયર NOC હોવુ જરૂરી છે. આ જ સંદર્ભે શાળાઓમાં નવુ સત્ર શરૂ થાય એ પહેલા ફાયર સેફ્ટીના ઉપકરણોનું ચેકિંગ કરી લેવામાં આવે, તેમજ શાળા શરૂ થાય ત્યારે ફાયર સેફ્ટીના સાધનોની તાલીમ સંબંધે એક મોકડ્રીલ આયોજિત કરવાનુ પણ જણાવવામાં આવ્યુ છે. શાળાના તમામ સ્ટાફને ફાયર સેફ્ટીના ઉપકરણોની તાલીમ મળી રહે તે હેતુથી મોકડ્રીલ આયોજિત કરાશે. આ દરમિયાન બાળકો અને શાળાના કર્મચારીઓને ઈમરજન્સી એન્ટ્રી અને એક્ઝિટની જાણકારી પણ મોકડ્રીલ સ્વરૂપે મળી રહે તે ખાસ જોવાનુ રહેશે.ઉલ્લેખનીય છે કે રાજકોટના ગેમઝોનમાં થયેલા ગોઝારા અગ્નિકાંડમાં સૌથા મોટી કોઈ બેદરકારી સામે આવી હોય તો એ છે કે ગેમઝોનમાં ફાયરસેફ્ટીની કોઈ સુવિધા જ ન હતી અને ગેમઝોનના સંચાલકોએ ફાયર NOC પણ લીધેલુ ન હતુ. ગેમઝોનમાં જે ફાયર સેફ્ટીના ઉપકરણો હતા તે પણ શોભાના ગાંઠિયા સમાન હતા અને કાર્યરત ન હતા. ત્યાના સ્ટાફને પણ ફાયર સેફ્ટીના ઉપકરણોની કોઈ તાલીમ ન હતી, તેમજ એક જ એક્ઝિટ ગેટ હોવાને કારણે સૌથી વધુ જિંદગીઓ આગમાં હોમાઈ ગઈ અને ગુજરાતમાં આજ સુધી ક્યારેય નથી સર્જાઈ એ પ્રકારની કલંક સમાન ઘટના ઈતિહાસમાં નોંધાઈ ગઈ. કેટલાક અધિકારીઓના બેદરકારીના પાપે રાજકોટે ક્યારેય ન જોઈ હોય તેવી કરૂણાંતિકા સર્જાઈ ગઈ અને રાજકોટના માથે ૨૫મી મેનો દિવસ કાળા દિવસ તરીકે અંકિત થઈ ગયો.

### મોડાસામાં વોટર પાર્કને સીલ કરાયો, તંત્રએ હાથ ધરી કાર્યવાહી

અરવલ્લી,તા.૨૮

રાજકોટની ઘટના બાદ હવે રાજ્યમાં જેમ ચેકિંગ હાથ ધરાયા છે એમ અરવલ્લી જિલ્લામાં પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન મોડાસા નજીક આવેલ કાબોલા પાસેના વોટરપાર્કને પણ સીઝ કરી દેવામાં આવ્યો છે. લાઈસન્સ વિના જ ચાલતી રાઈડ્સ અને ગેમ ઝોનને લઈ તંત્ર હવે એકાએક જાગૃત થયું હોય એમ કાર્યવાહી હાથ ધરી છે.

# વડોદરા, અંકલેશ્વર, આણંદ, દાહોદમાં ગેમઝોનને તાળાબંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૮

રાજકોટ ખાતે ગેમઝોનમાં બનેલી ઘટનાના પગલે દાહોદ ખાતે પણ વહીવટી તંત્ર સફાળુ જાગ્યુ છે. વડોદરાના પોલો મેદાન પર આઈપીએલ ફનપાર્ક બંધ તંત્રએ બંધ કરાવ્યું છે. તો દાહોદ મામલતદાર દ્વારા શહેરના ગેમઝોનમાં તપાસ હાથ ધરી બે ગેમ ઝોન સીલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અંકલેશ્વરમાં બે સ્થળે ચાલતા નાના ગેમ ઝોન સંચાલકો તાળાબંધી કરવામાં આવી છે.

આણંદ ખાતે પણ વહીવટી તંત્ર સફાળુ જાગ્યુ છે. સરકારી તંત્ર દ્વારા આજે તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને રવિવાર હોવા છતાં તંત્ર સક્રિય બન્યું હતું અને તાત્કાલિક અસરથી આણંદ નગરપાલિકાના ફાયર બ્રિગેડ દ્વારા શહેરમાં ચાલતા ગેમ ઝોન ની તપાસ કરવામાં આવી હતી.ચીફ ફાયર ઓફિસર ધર્મેશભાઈ ગોર અને તેમની આણંદ ફાયર બ્રિગેડની ટીમ જોડાઈ હતી.

ભરૂચમાં ફાયર વિભાગ અને તંત્ર દ્વારા તપાસ શરુ કરી છે. ત્યાં અંકલેશ્વર માં રવિવારની રજા હોય એમ તંત્ર દ્વારા આ મુદ્દે તપાસ કરી છે કે કેમ તેવા સવાલ સામે આવી રહ્યા છે. આ વચ્ચે અંકલેશ્વર - વાલિયા રોડ પર ભડકોદ્રા ગામ પંચાયત ની હદ માં કાપોદ્રા પાટિયા પાસે એપલ પ્લાઝા ના ગેમ ઝોન ત્રીજા માળે આવેલ છે. જે ગેમ ઝોન માં જવા માટે એક માત્ર શટર આવેલ છે. અન્ય કોઈ માર્ગ જ નજરે પડ્યો ના હતો. તો રાજકોટ ઘટના બાદ ગેમ ઝોન બંધ હાલતમાં નજરે પડ્યું હતું. જે જોતા ખરેખર ગેમ ઝોન માં ફાયર સેફટી કે અન્ય કોઈ માર્ગ છે કે કેમ તે અંગે સવાલ ઉભા થયા છે. આજ સ્થિતિ અંકલેશ્વર શહેર માં આવેલ તુલસી સ્કવેર બીજા માળે આવેલ ગેમ ઝોનમાં જોવા મળી હતી. બને સ્થળ સવાર થી જ તાળાં લટકતા જોવા મળ્યા હતા. ત્યારે ગેમ ઝોન સંચાલકો જાતે જ કેમ બંધ કર્યું તે ચર્ચા નો વિષય બન્યો છે. બંને સ્થળે શરુ થયેલ ગેમ ઝોન ની મજૂરી લીધી છે. કે કેમ અને જો લીધી ના હોય તો તંત્ર દ્વારા તપાસ કેમ કરવામાં આવી નથી. તે સવાલ ની શોધ કરતા પાલિકા ના ફાયર વિભાગ ના ઈન્ચાર્જ અરૂણ ઓઝા ને પૂછવામાં આવતા આ બાબતે તપાસ કરાઈ રહી છે. અને હાલ તુલસી સ્કવેર ખાતે નું ગેમ ઝોન બંધ કરાવી દેવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

ફાયર વિભાગ, અંકલેશ્વર મામલતદાર કચેરીના અધિકારીઓ, પાલિકા કર્મચારીઓ દ્વારા આ ઉપરાંત એપલ પ્લાઝા ખાતે પણ તપાસ કરી હતી. બંને સ્થળે ફાયર સેફ્ટીનો અભાવ અને સિંગલ એન્ટ્રી-એક્ઝિટ હતી. તેમ મામલતદાર કચેરી ની તપાસ ટીમે જણાવ્યું હતું. વધુમાં ફાયર ટીમને સેફટી બાબતે બંને ગેમ ઝોન સામે કાર્યવાહી કરવા તાકીદ કરી હતી.

દાહોદ શહેરમાં આવેલ છાબ તળાવ અને ગોદી રોડ વિસ્તાર ખાતે આવેલ લેવલ અપ એમ બે ગેમ ઝોન તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ બંને ગેમ ઝોનમાં ફાયર સેફટીની સુવિધા છે કે નથી ?, એનઓસી છે કે નથી ? વિકેરે જેવી સેફટીઓ તેમજ સુવિધાને ધ્યાનમાં લઈ આ બંને ગેમ ઝોન તરફ દાહોદ મામલતદારની ટીમએ પોલીસને સાથે રાખી બંને ગેમ ઝોનમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. આ બંને ગેમ ઝોનમાં ફાયર સેફટી સહિત મહત્વની સુવિધાઓનો અભાવ જોવા મળતા દાહોદ મામલતદારની ટીમ દ્વારા જાહેર જનતાની સુખાકારી માટે બંને ગેમ ઝોનને સીલ કરી દેવામાં આવ્યા હતા.

દાહોદના છાબ તળાવ વિસ્તાર ખાતે આવેલ ગેમ માત્ર બે ઈન્ટરબીટર સિલિન્ડર મળ્યા તેમજ અવરજવર માટે માત્ર એક જ ગેટ હતો. ત્યારે મોદી રોડ ખાતે આવેલ લેવલ અપ ગેમ ઝોનમાં ફાયર સેફટી અને એનઓસી સહિતનો અભાવ જોવા મળ્યો હતો.

આ બંને ગેમ ઝોનના માલિકોની પૂછપરછ પણ હાથ ધરવામાં આવી રહી છે. આ બંને ગેમ ઝોનને સીલ કરવાની કામગીરી સાથે દાહોદ શહેરમાં આવેલ અન્ય વેપાર, ધંધાઓ કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પોતાની નીંદા સહન કરનાર વ્યક્તિએ સમગ્ર વિશ્વ પર વિજય મેળવ્યો છે.

- મહાભારત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ વદ-૫ શ્રી ભુવનેશ્વરી માતાજીનો પાટોત્સવ (ગોંડલ) તા.૨૮ મે ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૧૭, મુસ્લિમ તા.૧૯, ઉત્તરાષાઢા નક્ષત્ર, બ્રહ્મ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૦૭, સૂ.અ.૭:૨૯

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પ્રિયજનથી સહકાર મળે. વ્યર્થ કંટાળાનું ભોગ બનવું પડે.
વૃષભ:કાર્ય વિલંબથી પૂર્ણ થાય. આવક કરતા જાવક વિશેષ રહે.
મિથુન:મનની મનમાં રહે. વ્યર્થ પુરૂષાર્થ થાય.
કર્ક: આર્થિક સમસ્યા હળવી બને. સંતાનથી લાભ.
સિંહ: અટકી પડેલા કાર્ય પૂર્ણ થાય. મન પ્રફુલિત રહે.
કન્યા: માનસિક અસ્વસ્થતા રહે. ગૃહવિવાદ થાય.
તુલા: સમસ્યાનો ઉકેલ મળે. મનોકામના પૂર્ણ થાય.
વૃશ્ચિક:વ્યર્થ ભાગદોડ થાય. કાર્ય વિલંબમાં પડે.
ધન: મિલન-મુલાકાત સફળ બને. મન પ્રફુલિત રહે.
મકર: કૌટુંબિક ઘર્ષણનો યોગ છે. તબિયત બાબતે સંભાળવું.
કુંભ: ચિંતાનો ઉકેલ મળે. બુધ્ધિ અને ચતુરાઈથી આયોજન પાર પાડી શકશો.
મીન: મનની મુરાદ બર ન આવે. પ્રવાસથી લાભ થાય.

# સ્વજનોની ભાળ ન મળતા સિવિલ હોસ્પિટલ પહોંચી આક્રોશ ઠાલવ્યો

રાજકોટ,તા.૨૮

રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ કે જેમાં ૨૮ લોકોએ પોતાના જીવ ગુમાવી દીધા તે તમામના પરિવારો આજે ત્રણ ત્રણ દિવસથી સ્નેહીજનો શોધી રહ્યા છે પણ હજુ સુધી કોઈ ભાડ મળી નથી રહી ત્યારે પરિવારજનોનો આક્રોશ ચરમસીમા પર પહોચ્યો છે. રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડ મામલે હવે પરિવારોને આગમાં મૃત્યુ પામેલા લોકના મૃતદેહ આપવાની કામગીરી ચાલી રહી છે ત્યારે બીજી બાજુ હજુ પણ ઘણા પરિવારના લોકોને તેમના સ્નેહીજનોના મૃતદેહ મળ્યા નથી ત્યારે હવે પરિવારજનોની ધીરજ ખુટી પડી છે. આ મામલે પરિવારના લોકોએ રાજકોટ સિવિલ ખાતે આક્રોશ ફાટી નિકળ્યો છે. એકતરફ પરિવારને ખબર છે કે તેમના સ્નેહીજન આગ્નિકાંડમાં મૃત્યુ પામ્યા છે, બીજી તરફ DNA ટેસ્ટ બાદ પણ પરિવારને પોતાના સ્નેહીજનના મૃતદેહ ના મળતા પરિવારની હૈયા વરાળ નિકળી હતી. ગેમઝોનના માલિકોની ઘોર બેદરકારીના કારણે શનિવારે ૨૮ લોકોને પોતાનો જીવ ગુમાવાનો વારો આવ્યો છે ત્યારે સ્નેહીજનોના મૃતદેહ ન મળતા પરિવારની ધીરજ ખૂટી પડી હતી અને સિવિલ હોસ્પિટલ ખાતે પરિવારજનોનો વિરોધ કર્યો છે. આજે ત્રીજો દિવસ થઈ ગયો હોવા છતા પણ સ્વજનોની કોઈ ભાળ ન મળતા પરિવારોમાં આક્રોશ જોવા મળ્યો હતો. ત્યારે રોષે ભરાયેલા પરિવારજનોની પીએમ રૂમમાં જવા દેવાની માગ કરી છે.

રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ કે જેમાં ૨૮ લોકોએ પોતાના જીવ ગુમાવી દીધા તે તમામના પરિવારો આજે ત્રણ ત્રણ દિવસથી સ્નેહીજનો શોધી રહ્યા છે પણ હજુ સુધી કોઈ ભાડ મળી નથી રહી, ત્યારે પરિવારજનોનો આક્રોશ ચરમસીમા પર પહોચ્યો છે. સમગ્ર મામલે હવે પરિવારના લોકો વિરોધ કરી રહ્યા છે અને તેમને જાતે હોસ્પિટલના પીએમમાં જવા દેવાની માંગ કરી રહ્યા છે.

### ગુજરાતમાં ૧ કરોડ AC વેચાયા

# ઈલેક્ટ્રોનિક માર્કેટે અધધ ૫૦૦૦ કરોડનો મસમોટો બિઝનેસ કર્યો

અમદાવાદ,તા.૨૮

આગ ઓકતી ગરમી ઓછી થવાનું નામ નથી લઈ રહી, એવામાં આ ગરમી વેપારીઓ માટે આશીર્વાદ બનીને આવી છે. અમદાવાદ શહેરમાં ઈલેકટ્રોનિક્સ માર્કેટમાં અત્યાર સુધી ૨૧૦૦ કરોડનો મસમોટો બિઝનેસ થયો છે. શહેરમાં ૪૬ ડિગ્રી સેલ્સિલયસની આસપાસ તાપમાનની વધઘટ સાથે તીવ્ર ગરમી પડી રહી છે, ત્યા રે ઈલેક્ટ્રુનિક માર્કેટમાં ગયા વર્ષની સરખામણીએ આ ઉનાળામાં ACના વેચાણમાં અભૂતપૂર્વ ૫૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. કન્યુ સર મર ઈલેક્ટ્રોનિક્સભ રિટેલર્સના અંદાજ મુજબ આ કેલેન્ડમર વર્ષમાં સમગ્ર ગુજરાતમાં AC વેચાણમાંથી આશરે રૂ. ૫૦૦૦ કરોડની આવકની અપેક્ષા રાખે છે. રિટેલરોએ અત્યાર સુધી ૧૦ લાખ યુનિટ AC વેચ્યુ છે, જે ગયા ઉનાળામાં ૫ લાખ યુનિટ હતા. અમદાવાદ ઈલેક્ટ્રોનિકસર ડીલર્સ એસોસિએશનના કહેવા પ્રમાણે, રાજયના કુલ એસી વેચાણમાં અમદાવાદનું બજાર નોંધપાત્ર ૬૦ ટકા હિસ્સો ધરાવે છે. ત્યારે આ વર્ષે અંદાજે ૧ કરોડ ૫૦ લાખ જેટલાં એસી વેચાય તેવો અંદાજ છે. જેમાં અત્યાર સુધી ૧ કરોડને પાર એસીનું વેચાણ થઈ ગયું છે.

# પાકિસ્તાની યુવતીઓની પ્રેમભરી વાતોથી ધર્મ પરિવર્તન કરી અબુબકર બનેલ અશોકની આતંકી કનેક્શન મુદ્દે તપાસ શરૂ

## અન્ય આરોપીઓના રિમાન્ડ પૂરા થતાં જેલ હવાલે : અશોકે ૧ કરોડની સોપારી લીધી હતી

અમદાવાદ, તા.૨૮

સુરતમાં હિન્દુ નેતાને મારી નાખવાની ધમકી આપનાર મૌલવીની ધરપકડ બાદ અનેક ઘટસ્ફોટ થયા છે. મૌલવીની ધરપકડ બાદ તેની સાથે સંડોવાયેલા અન્ય ત્રણ આરોપીની પણ પોલીસે ધરપકડ કરી છે. ત્યારે હાલમાં બિકાનેરથી ઝડપાયેલા આરોપીના આતંકી સંગઠનો સાથે કનેક્શન છે કે કેમ એ દિશામાં કેન્દ્રીય એજન્સીઓ આરોપીની પૂછપરછ કરી તપાસ કરશે.

સુરતના આ પ્રકરણની તપાસમાં રોજ નવા ફણગા ફૂટી રહ્યા છે. ક્રાઈમ બ્રાંચ આ કેસની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. દરમ્યાન બિકાનેરથી ઝડપાયેલા અબુબકરના રિમાન્ડ મેળવી કરાયેલી પૂછપરછમાં ચોંકાવનારાઘટસ્ફોટ થયા હતા. પાકિસ્તાની યુવતીઓ સાથે ઓનલાઈન ચેટિંગ કરવાનાંચક્કરમાં બિકાનેરનો અશોક સુથાર હનીટ્રેપનો શિકાર બન્યો હતો. પાકિસ્તાની યુવતીઓએ પ્રેમભરી વાતો કરી લગ્નના નામે લલચાવી અશોકને ધર્મપરિવર્તન કરાવવા મજબૂર કરી અબુબકર બનાવી દીધોહતો. અબુના ઈસ્લામ ધર્મમાં કન્વર્ટ થયો હોવા મામલે તેનાં પરિવારજનો પણ અંધારામાં છે. ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યા બાદ કટ્ટર વિચારધારા ધરાવતા અબુએ બાદમાં સુરતકઠોરના મૌલવીના ઓનલાઈન સંપર્કમાં આવી દેશિવરોધી કરતૂતો કરવા સાથે હિંદુ નેતાઓના મર્ડરની ૧ કરોડની સોપારી પણ લીધી હતી.

પાકિસ્તાની યુવતીઓના મોહમાં અબુએ ભારત દેશ સંબંધિત કોઈ ગુપ્ત માહિતી પાકિસ્તાનીઓને આપી છે કે કેમ?, આતંકવાદી સંગઠનો સાથે કનેક્શન છે કે કેમ? એ દિશામાં ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ પૂછપરછ કરી રહ્યા છે. કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓએ પણ અબુની મેરેથોન પૂછપરછ શરૂ કરી છે. વધુમાં આ પ્રકરણમાં રિમાન્ડ પૂરા થતાં કઠોરના મૌલવી સોહેલ ટિમોલ બાદ બિહારનો શહેનાઝ ઉર્ફે મો.અલી અને મહારાષ્ટ્ર-નાંદેડથી શકીલ સત્તાર શેખ ઉર્ફે રઝાના પણ રિમાન્ડ પૂરા થતાં લાજપોર જેલના હવાલે કરાયા હતા. જ્યારે અશોક હાલ રિમાન્ડ ઉપર છે અને તેની સઘન પૂછપરછ ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અશોક બે વર્ષ પહેલાં સોશિયલ મીડિયામાં યુ-ટ્યૂબ ઉપરપાકિસ્તાનના મૌલાના તારીક જમીલ તથા ઝાકીર નાઈકના વીડિયો જોતો હતો. જે વીડિયો જોઈ તે ઈસ્લામ ધર્મ પ્રત્યેઆકર્ષાયો હતો. ત્યાર બાદલિંક્ડ ઈન મારફત ગ્રાફિક ડિઝાઈનર્સ તથા એન્ડ્રોઈડ ડેવલપર્સનું કામ કરતા લોકોનો સંપર્ક કરવાનું શરૂ કર્યું હતું.આરોપી અશોક ઓનલાઈન ઈકરા રિયાઝ, રમોના ડિઝાઈનર, અલીના ટીચર, હાફીઝા આયેસા ટીચર, અદિના ઈકબાલ, તાહીરાખાનુમ, માહી, હનિયા, યમિમા, મન્તસા, ફરહીન નામની પાકિસ્તાનની ૧૦યુવતી સાથે સંપર્કમાં આવ્યોહતો. આ યુવતીઓ મીઠી-મીઠી પ્રેમભરી વાતો કરતીહતી. આ રીતે અશોકને લલચાવ્યા બાદ તેઓ ઈસ્લામધર્મ વિશે પણ માહિતી આપતી હતી. જે પૈકી ઈકરા રિયાઝ નામની યુવતી સાથે ગાઢ મિત્રતા થઈ ગઈ હતી. તેનેલગ્નનો પ્રસ્તાવ મૂકી ઈસ્લામ ધર્મ અંગીકાર કરે તો જ લગ્ન કરવાનો અશોક સમક્ષ પ્રસ્તાવમૂક્યો હતો. પાકિસ્તાની સુંદરી ઈકરાએ ઈસ્લામ ધર્મ વિશે વધુ માહિતી માટે પાકિસ્તાની હાફીઝા આયેશા નામની ટીચરનો સંપર્ક કરાવ્યો હતો.હાફીઝાએ અશોકને ઓનલાઈન કુરાન શરીફ શિખવાડ્યું હતું. ત્યાર બાદ ઈસ્લામ ધર્મ અંગીકાર કરવા માટે પાકિસ્તાનના મુફતી જમશેદનો સંપર્ક કરાવ્યો હતો. આ મુફતી જમશેદે વ્હોટ્સએપ ઉપર સંપર્કમાં રહી ઓનલાઈન ૨૨થી ૨૫ વખત કલમા પઢાવી ઈસ્લામ ધર્મ અંગીકાર કરાવ્યો હતો. મુફતી જમશેદે જ અશોક સુથારનું અબુબકર એવું નામકરણ કર્યુ હતું. ધર્મપરિવર્તન કર્યા બાદ અબુબકર ઓનલાઈન પાકિસ્તાનના લોકોના સંપર્કમાં વધુ આવ્યો હતો.

# જો આધાર કાર્ડ અપડેટ નહીં કર્યું હોય તો શું ૧૪ જૂન બાદ નકામું થઈ જશે ? જાણો UIDAIએ શું કહ્યું




નવી દિલ્હી તા.૨૮

છેલ્લા કેટલાક સમયથી સાંભળવા મળી રહ્યું છે કે ૧૪ જૂન પછી જૂના આધાર કાર્ડ બેકાર થઈ જશે અને તેનો ઉપયોગ નહીં થાય. આધાર જારી કરતી એજન્સી UIDAI દ્વારા હવે આ સંબંધમાં સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે. શું તમે ઈન્સ્ટાગ્રામ રીલ્સ અથવા યુટ્યુબ વીડિયોમાં સાંભળ્યું છે કે ૧૪ જૂન પછી તમારૂં જૂનું આધાર કાર્ડ કોઈ કામનું નહીં રહે, તો પછી તમે એકલા નથી. સમાચાર ઝડપથી ફેલાઈ રહ્યા હતા કે જે આધાર કાર્ડ છેલ્લા ૧૦ વર્ષથી અપડેટ નથી થયા, તેમને માત્ર ૧૪ જૂન સુધી અપડેટ કરવાની છેલ્લી તક મળી રહી છે. જો કે, આ પાછળનું સમગ્ર સત્ય કંઈક બીજું જ છે. આધાર કાર્ડ જારી કરતી એજન્સી યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI)એ કહ્યું છે કે ભારતના જે નાગરિકોનું આધાર કાર્ડ છેલ્લા ૧૦ વર્ષથી અપડેટ નથી થયું તેઓએ તેમની માહિતી અપડેટ કરાવવી જોઈએ. આ જ કારણ છે કે એજન્સીએ તમારા જૂના આધાર કાર્ડને ૧૪ જૂન સુધી મફતમાં ઓનલાઈન અપડેટ કરવાનો વિકલ્પ આપ્યો છે. UIDAIએ સ્પષ્ટતા કરી છે કે ૧૪ જૂન એ આધાર કાર્ડને મફતમાં અપડેટ કરવાની છેલ્લી તારીખ છે અને આ પછી જૂનું આધાર કાર્ડ નકામું નહીં બને. માત્ર એટલું જ છે કે આ તારીખ પછી આધાર કાર્ડ ફ્રીમાં અપડેટ નહીં થાય. કાર્ડ ધારકો તેને ઓનલાઈન અથવા નજીકના આધાર કેન્દ્રની મુલાકાત લઈને અપડેટ કરી શકશે. જો કે, તમારૂં જૂનું આધાર કાર્ડ બિનઉપયોગી બન્યું નથી અને તમે હજી પણ તેનો ઉપયોગ ઓળખ પુરાવા તરીકે કરી શકો છો, તેમ છતાં જૂનું આધાર કાર્ડ અપડેટ કરવું આવશ્યક છે. જો તમે ૧૦ વર્ષ પહેલાં આધાર કાર્ડ બનાવ્યું હોય, તો તમારી પાસે ડેમોગ્રાફિકથી લઈને બાયોમેટ્રિક સુધીની માહિતી અપડેટ કરવાનો વિકલ્પ છે. તમે જરૂરી દસ્તાવેજો સાથે આ કરી શકો છો. બેંક એકાઉન્ટ ખોલવા, સરકારી યોજનાઓનો લાભ લેવા, સિમ કાર્ડ ખરીદવા, મકાન ખરીદવા વગેરે જેવી નાણાં સંબંધિત તમામ પ્રવૃત્તિઓ માટે આધાર જરૂરી બની ગયું છે. આવી સ્થિતિમાં જો આધાર કાર્ડને સમય-સમય પર અપડેટ કરવામાં ન આવે તો અનેક કામો અટવાઈ શકે છે. ઘણી વખત લોકો ખોટી માહિતીનો ફાયદો ઉઠાવી શકતા નથી.

# ગુજરાતથી લઈ દિલ્હી સુધી પ્રચંડ ગરમીથી લોકો પરેશાન

નવી દિલ્હી, તા.૨૮

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી હીટવેવની ચેતવણી જાહેર કરવામાં આવી છે. તે જ સમયે, તીવ્ર ગરમીનું મોજું ૨૯ મે સુધી દિલ્હીમાં તબાહી મચાવતું રહેશે. હવામાન વિભાગનું કહેવું છે કે દિલ્હીમાં આ પણ ગરમીનું જોર યથાવત રહેશે. દિલ્હી-એનસીઆર અને ગુજરાત સહિત દેશના મોટાભાગના રાજ્યોમાંઆ દિવસોમાં આકરી ગરમી પડી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી હીટવેવની ચેતવણી જાહેર કરવામાં આવી છે. તે જ સમયે, તીવ્ર ગરમીનું મોજું ૨૯ મે સુધી દિલ્હીમાં તબાહી મચાવતું રહેશે. હવામાન વિભાગનું કહેવું છે કે દિલ્હીમાં પણ ગરમીનું જોર યથાવત રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દિલ્હીમાં ૨૯ મે સુધી હીટવેવનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તે જ સમયે, આ અઠવાડિયે દિલ્હીનું દિવસનું તાપમાન ૪૫ ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવના છે. IMD અનુસાર, આ સમગ્ર સપ્તાહમાં દિલ્હીનું મહત્તમ તાપમાન ૪૩ થી ૪૫ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની સંભાવના છે અને લઘુત્તમ તાપમાન ૩૧ થી ૩૨ ડિગ્રી સેલ્સિયસની વચ્ચેરહેવાની શક્યતા છે. આ ઉપરાંત આ સપ્તાહ દરમ્યાન જોરદાર પવન ચાલુ રહી શકે છે.ગુજરાતમાં આકરી ગરમીનો કહેર યથાવત છે.દરમ્યાન હવામાન વિભાગે ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી હીટવેવની ચેતવણીજાહેર કરી છે. હવામાન વિભાગે ગુજરાતના અમદાવાદ અને ગાંધીનગરમાં રેડ હીટ એલર્ટ જાહેર કર્યું છે, આ દરમ્યાન રાજ્યમાં સૌથી વધુ તાપમાન અમદાવાદમાં ૪૬.૬ ડિગ્રી અને ગાંધીનગરમાં ૪૬ ડિગ્રી નોંધાયું છે. ગુજરાતના અમદાવાદ અને ગાંધીનગર ઉપરાંત સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૫.૯ ડિગ્રી, કચ્છમાં ૪૫.૫ ડિગ્રી, બનાસકાંઠામાં ૪૫.૪ ડિગ્રી અને વડોદરામાં ૪૫ ડિગ્રીએ પહોંચી ગયું છે. અમદાવાદ અને ગાંધીનગરમાં રેડ હીટ એલર્ટ ઉપરાંત હવામાન વિભાગે ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા,અરવલ્લી, વડોદરા, પંચમહાલ, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, આણંદ, દાહોદ અને કચ્છમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં આગામી ત્રણ દિવસ બાદ ગરમીમાં ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે. ગુજરાતમાં કાળઝાળ ગરમીથી બચવા માટે સીએમ ભૂપેન્દ્ર પટેલે તેમના સોશિયલ મીડિયાપ્લેટફોર્મ X ઉપર લોકોને ગરમીથી સાવચેત રહેવા અપીલ કરી છે. સીએમ પટેલે X ઉપર લખ્યું છે કે વર્તમાન પરિસ્થિતિમાં લોકોએ બપોરે જરૂર હોય તો જ ઘરની બહાર નીકળવું જોઈએ. જો તમને ગરમીને કારણે સ્વાસ્થ્ય ઉપર કોઈ અસર જણાય, તો તરત જ ડોક્ટરનો સંપર્ક કરો. આ ઉપરાંત અમદાવાદમાં ગરમીના રેડ એલર્ટને જોતા તમામ કન્સ્ટ્રકશન સાઈટ ઉપર બપોરે ૧ થી ૪ દરમ્યાન કામ બંધ રાખવાના આદેશ આપવામાં આવ્યા છે. ૧૧ વાગ્યા સુધીમાં શાળાઓમાં તમામ કામગીરી પૂર્ણ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત ટ્યુશન સંચાલકોએ પણ ટ્યુશન ક્લાસ બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી બંધ રાખવાની જાહેરાત કરી છે. ગુજરાતમાં છેલ્લા ઘણા દિવસોથી હીટવેવના કારણે ઘણા લોકોમાં ચક્કર આવવા, માથાનો દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ, ઉલ્ટી, પેટમાં દુખાવો જેવી ફરિયાદો વધી રહી છે. જ્યારે ૧૦૮ ઈમરજન્સી સેવાઓને છેલ્લા ૨૦ દિવસમાં ૧૦,૦૦૦ કોલ આવ્યા છે. સુરત અને વડોદરામાં હીટસ્ટ્રોકના કારણે અનેક લોકોના મોત થયાના કિસ્સા સામે આવ્યા છે. વધતી ગરમીના કારણે અચાનક થયેલા મોતનું કારણ જાણવા માટે પણ જરૂરી તપાસ શરૂ કરવામાં આવી છે.

# પુનાની પોર્શે કાર અકસ્માત કેસમાં હવે સગીરના દાદાની પણ ધરપકડ કરાઈ

પુના, તા.૨૮

પુનાનાં પોર્શે કાર અકસ્માત કેસમાં સગીર આરોપીના દાદા સુરેન્દ્ર અગ્રવાલની પુના પોલીસે ધરપકડ કરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, સુરેન્દ્ર અગ્રવાલે ડ્રાઈવરને ધમાકાયો અને તેને ઘરે જવા દીધો નહોતો. ડ્રાઈવરે સુરેન્દ્રઅગ્રવાલની વિરૂધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરી છે. જેના આધારે સુરેન્દ્ર અગ્રવાલ ઉપર પણ કલમો લગાવવામાં આવશે. આઈપીસીની કલમ૩૬૫, ૩૬૬ અને અન્ય કલમો અંતર્ગત કેસ નોંધવામાં આવશે. આના એક દિવસ પહેલા પુના પોલીસ પ્રમુખ અમિતેશ કુમારે કહ્યું હતું કે એવું સાબિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે કાર ડ્રાઈવર ચલાવી રહ્યો નહોતો. જોકે એક અન્ય અધિકારીએ કહ્યું કે અકસ્માત પછી સગીરના દાદા અને પિતાએ ડ્રાઈવરનો ફોન કથિત રીતે લઈ લીધો અને તેને ૧૯ મેથી ૨૦ મે સુધી તેના બંગલના પરિસરમાં બંધક બનાવીને રાખ્યો હતો. ડ્રાઈવરની પત્નીએ તેને છોડાવ્યો હતો. આ પહેલા સગીર આરોપીને કોર્ટે ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધોહતો. સગીર રિયલ એસ્ટેટ ડેવલોપર વિશાલ અગ્રવાલનો પુત્ર છે. પોલીસે પહેલા જ વિશાલ અગ્રવાલની ધરપકડ કરી ચુકી છે. તેને કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધો હતો. પુનાના કલ્યાણી નગરમાં ૧૯ મેના રોજ સગીરે તેની પોર્શે કારથી મોટરસાઈકલ સવાર બે સોફ્ટવેર એન્જિનિયરને ટક્કર મારી હતી. આ દુર્ઘટનામાં બંનેના મોત થઈ ગયા હતા. પોલીસે દાવો કર્યો છે કે સગીર નશાની સ્થિતિમાં કાર ચલાવી રહ્યો હતો. જોકે પછી સગીરને જામીન મળી ગયા હતા. તે પછીથી સમગ્ર દેશમાં આ મામલાની ચર્ચા શરૂ થઈ ગઈ અને પોલીસની ખૂબ જ નીંદા થઈ. તે પછીથી પોલીસે નવેસરથી કાર્યવાહી શરૂ કરી. બેદરકારીના આરોપમાં બે પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

# ગુજરાતની અદાલતોમાં વિવિધ જગ્યાઓ ઉપર મેગા ભરતી આવી... ભરો તાત્કાલિક ફોર્મ

**છેલ્લા ઘણા સમયથી રાહ જોવાઇ રહી હતી તેવી ગુજરાત હાઇકોર્ટની ભરતીઓની જાહેરાત બહાર પડી ગઇ છે અને આ જાહેરાત ગુજરાતની અલગ-અલગ અદાલતોમાં અલગ-અલગ જગ્યાઓ ઉપર સ્ટાફની ભરતી માટે બહાર પાડવામાં આવી છે. તેની શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ અને ૧૨થી શરૂ થતી હોવાથી જેઓ બોર્ડની પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થઇ ગયા છે અને વય મર્યાદા અનુસાર લાયકાત ધરાવે છે. તેઓ આ ભરતી પ્રક્રિયામાં ફોર્મ ભરીને ભાગ લઇ શકે છે. લઘુતમ વય મર્યાદા અઢાર વર્ષ છે. આથી આ ક્રાઇટેરીયામાં આવતા વિદ્યાર્થીઓ માટે ફોર્મ ભરીને કાયમી સરકારી નોકરી મેળવવાની તક છે.**

**ચાલો મેળવીએ અલગ-અલગ પોસ્ટ વિશે માહિતી**

તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટે અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ અને અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩ તેમજ ટ્રાન્સલેટરની કુલ ૨૬૦ જગ્યા ઉપર ભરતી બહાર પાડી હતી. તેનું ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૨૬ હતી. સારા સમાચાર એ છે ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફરીથી જુદી-જુદી જગ્યાઓ માટે ૧૩૧૮ પોસ્ટ ઉપર નવી ભરતીની જાહેરાત કરવામાં આવી છે. આમ, સ્ટેનોગ્રાફર, ટ્રાન્સલેટર અને અન્ય મળીને ગુજરાતની કોર્ટમાં કુલ ૧૫૭૮ જગ્યા બહાર પાડવામાં આવી છે. તમામ જગ્યાઓ ઉપર કાયમી ધોરણે ભરતી માટે હાઈકોર્ટ ઓજસ વેબસાઈટ ઉપર અરજી કરવાની રહેશે. આથી સૌ પહેલા ગુજરાત હાઈકોર્ટની ઓજસ વેબસાઈટ Gujarat High Court (OJAS) ઉપર જઈને તમામ વિગતો જાણી લેવાની રહેશે. અરજી કરવાની છેલ્લી તારીખ ૧૫ જૂન છે.

**(૧) અંગ્રેજી સ્ટેનોગ્રાફર** : હાઈકોર્ટે અંગ્રેજી સ્ટેનોગ્રાફરની ૫૪ જગ્યા બહાર પાડી છે, જેની લાયકાત ગ્રેજ્યુએશનની છે. આ પોસ્ટ માટે ૧૮ વર્ષથી ૩૫ વર્ષના ઉમેદવારો અરજી કરી શકશે, જેમાં અનામત વર્ગ પ્રમાણે ઉંમરમાં છૂટછાટ અને જગ્યાઓ અનામત છે. તેનું પે-મેટ્રિક્સ ૩૯,૯૦૦થી ૧,૨૬,૬૦૦ રૂપિયા છે. સ્ટેનોગ્રાફર એટલે કે અદાલતોમાં જજ સાહેબો અને ઉચ્ચ વહીવટી અધિકારીઓ દ્વારા આદેશો અને પરિપત્રો સહિતની વિગતો લખવાની હોય છે અને તે પછી આદેશમાં પરિવર્તિત થાય છે. આથી સ્ટેનોગ્રાફરની જગ્યા કોર્ટ એસ્ટાબ્લિશમેન્ટમાં ખૂબ જ જરૂરી હોય છે. કોર્ટમાં અવારનવાર તેની ભરતી આવતી હોય છે. પરંતુ તેની રાહ જોયા વગર તુરંત ઝંપલાવવું જોઈએ.

**(૨) ગુજરાતી સ્ટેનોગ્રાફર** : ગુજરાતની જિલ્લા, લેબર અને ઔધોગિક કોર્ટમાં ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ અને ગ્રેડ૩ની કુલ ૫૨૧ જગ્યા પર ભરતી બહાર પાડવામાં આવી છે. આ પોસ્ટ માટેની લાયકાત જોઈએ તો ગ્રેજ્યુએશનની સાથે સાથે શોર્ટ હેન્ડ આવડવું અને કોમ્પ્યુટરના જાણકાર હોવું જરૂરી છે. હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ભાષા આવડતી હોવી જરૂરી છે. આ પોસ્ટ માટે વય મર્યાદા ૨૧થી ૪૦ વર્ષ છે, અનામતના જરૂરી નિયમો લાગુ પડશે. ગુજરાતી સ્ટેનોગ્રાફર મુખ્યત્વે નીચલી અદાલતોમાં કે જ્યાં ગુજરાતી ભાષામાં આદેશો લખાવવામાં આવતા હોય છે ત્યાં તેમની સેવાઓ લેવામાં આવે છે. હાઈકોર્ટમાં મુખ્યત્વે ઈંગ્લીશ ભાષામાં આદેશો લખાવાતા હોવાથત્યાં ઈંગ્લીશ સ્ટેનોગ્રાફરની જગ્યા ઉપર ભરતી થાય છે.

**(૩) ડેપ્યુટી સેક્શન ઓફિસર** : હાઈકોર્ટે ડેપ્યુટી સેક્શન ઓફિસરની કુલ ૧૨૨ જગ્યા બહાર પાડી છે, આ પોસ્ટ માટેની લાયકાત ગ્રેજ્યુએટ અને ઉંમર ૧૮થી ૩૫ વર્ષનીછે. અનામત મુજબ જગ્યાઓ અને ઉંમરમાં છૂટછાટ છે. તેનું પે-મેટ્રિક્સ ૩૯,૯૦૦ રૂપિયા છે. ડેપ્યુટી સેક્શન ઓફિસર એટલે કે ડીવાયએસઓની જગ્યા ઉપર અદાલતોનું વહીવટી કામકાજ કરવાનું હોય છે. જે વર્ગ-૩ની જગ્યા છે અને ભવિષ્યમાં બઢતીની શક્યતાઓ રહેલી છે.

**(૪) કોમ્પ્યુટર ઓપરેટર** :- હાઈકોર્ટે કોમ્પ્યુટર ઓપરેટરની ૧૪૮ જગ્યા બહાર પાડી છે, આની લાયકાત વિશે વાત કરીએ તો કોમ્પ્યુટર કે ઈન્ફોરમેશન ટેકનોલોજી વિષયમાં બેચલર ડિગ્રી કે ત્રણ વર્ષનો ડિપ્લોમા અભ્યાસ કરેલો હોવો જરૂરી છે. તેની વય મર્યાદા ૧૮થી ૩૫ વર્ષની છે અને અનામતના નિયમો મુજબ છૂટ મળવાપાત્ર છે. કોમ્પ્યુટર ઓપરેટર માટે પે-મેટ્રિક્સ ૧૯,૯૦૦થી ૬૩,૨૦૦ રૂપિયાછે. આ જગ્યા મહત્વની એટલા માટે છે કે આજકાલ તમામ અદાલતોમાં કોમ્પ્યુટરાઈઝેશન ઉપર ભાર મુકવામાં આવ્યો છે. વળી હવે છેલ્લા કેટલાય વર્ષોથી તમામ કામકાજ હવે કોમ્પ્યુટર આધારિત થઈ રહ્યું છે અને હજુ પણ એડવાન્સ ટેકનોલોજી સાથે કામ થશે. આથી અહિં તક ચુકવા જેવી નથી.

**(૫) કોર્ટ મેનેજર** : હાઈકોર્ટ દ્વારા કોર્ટ મેનેજરની કુલ ૨૧ જગ્યા બહાર પાડવામાં આવી છે, કોર્ટ મેનેજર માટે પે-મેટ્રિક્સ ૫૬,૧૦૦ રૂપિયા છે. આ પોસ્ટ માટે મેનેજમેન્ટ વિષયમાં ૫૫ ટકા સાથે માસ્ટર ડિગ્રી અને ૫ વર્ષનો અનુભવ જરૂરી છે. ઉંમર ૨૫થી ૪૦ વર્ષની હોવી જોઈએ. વર્ગ પ્રમાણે ઉંમર અને જગ્યામાં અનામતના નિયમો લાગુ પડે છે. કોર્ટ મેનેજર એટલે કે એવી જગ્યા છેલ્લા દોઢ દાયકાથી બહાર પાડવામાં આવી છે કે કોર્ટ મેનેજરે પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ કે હાઈકોર્ટના નિયંત્રણમાં કામગીરી કરવાની હોય છે. કોર્ટની કામગીરીમાં સુચારૂ વહીવટી, પરફોર્મન્સ




સ્ટાન્ડર્ડસ નક્કી કરવા, માળખાકીય અને નાણાકીય બાબતો. હ્યુમન રીસોર્સ મેનેજમેન્ટને લગતી અસરકારક કામગીરી થાય તેની ફરજો નિભાવવાની હોય છે.

**(૫) પ્રોસેસ સર્વર /બેલીફ** : હાઈકોર્ટે રાજ્યની જિલ્લા, લેબર અને ઔદ્યોગિક અદાલતોમાં ૨૧૦ બેલીફની જગ્યાઓબહાર પાડી છે, બેલિફ માટેનું પે-મેટ્રિક્સ ૧૯,૯૦૦થી ૬૩,૨૦૦ રૂપિયા છે. આ પોસ્ટ માટે ધોરણ-૧૨ પાસની લાયકાત જરૂરી છે. અનામતના જરૂરી નિયમો લાગુ પડશે. બેલિફ એટલે કે કોર્ટ દ્વારા કોઈ પક્ષકારને સમન્સ કે વોરીંટ જારી કરવામાં આવ્યા હોય તો તેના સરનામે જઈને તેની બજવણી કરવાની હોય છે. આ ઉપરાંત સમયે સમયે કોર્ટ દ્વારા નક્કી કરેલી કામગીરી કરવાની હોય છે.

**(૬) ડ્રાઈવર** : ડ્રાઈવર માટે ૩૪ જગ્યા હાઈકોર્ટે બહાર પાડી છે, જેમાં લાયકાત ધોરણ-૧૦ પાસ અને ડ્રાઈવિંગ લાઈસન્સની જરૂરી છે. વય મર્યાદા ૧૮થી ૩૫ વર્ષની છે. પગાર ધોરણ ૧૯,૯૦૦થી ૬૩,૨૦૦ છે. અનામત મુજબ છૂટછાટ મળવાપાત્ર છે. જજ સાહેબો, અધિકારીઓ અને કોર્ટ આમંત્રિત મહેમાનો કે મહાનુભાવો માટે કાર ચાલકનું કામ કરવાનું હોય છે.

**(૫) કોર્ટ ઓફિસ એટેન્ડન્ટ/ હોમ એટેન્ડન્ટ** : કોર્ટ ઓફિસ એટેન્ડન્ટ/ હોમ એટેન્ડન્ટની ૨૦૮ જગ્યા બહાર પાડવામાં આવી છે. આ પોસ્ટ માટેની વય મર્યાદા ૧૮થી ૩૫ વર્ષ છે. ઉંમર અને જગ્યાઓમાં અનામતના નિયમો લાગુ પડે છે. આ પોસ્ટનું પે મેટ્રિક્સ ૧૪,૮૦૦થી ૪૭,૧૦૦ રૂપિયા છે. આ પોસ્ટ માટે લાયકાત તરીકે ધોરણ-૧૦ પાસ હોવું જરૂરી છે. ખાસ કરીને કોર્ટ અને જજ સાહેબોની સૂચના મુજબ નાની-મોટી કામગીરી કરવાની હોય છે. મિત્રો ઉપરની જગ્યાઓ ઉપર ફાયદો એ છે કે, રાજ્ય સરકારની જેમ અહિં ફિકસ પેથી નોકરી નથી. અહિ કાયમી અને નિયમિત પગારધોરણથી જ નોકરી આપવામાં આવે છે. આથી જ્યારથી તમને નોકરી ઉપર હાજર થાવ ત્યારથી જ તમે એક નિયમિત પગાર સાથેના સરકારી કર્મચારી બની જાવ છો. તો રાહ શું જોઈ રહ્યા છો. ૧૫ જૂન છેલ્લી તારીખ છે ફોર્મ ભરવાની અને છેલ્લી તારીખની રાહ જોયા વગર તાત્કાલિક અરજી કરી જ નાખો.

### હીટવેવ વચ્ચે હવામાન વિભાગે આપી ખુશખબર

# કેરળમાં ૩૧મી મેએ દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની એન્ટ્રી થઈ શકે

## આ વખતે ચોમાસામાં વધુ વરસાદ પડવાની સંભાવના

નવી દિલ્હી, તા.૨૮

દેશભરમાં હાલ પડી રહેલી અંગદઝાડતી ગરમી અને લૂમાં લોકો તોબા પોકારી ગયા છે, ત્યારે હવામાન વિભાગે તોબા પોકારી ગયેલા લોકો માટે ચોમાસાની પધરામણીની રાહતભરી આગાહી કરી છે.

IMDએ કહ્યું કે, આગામી પાંચ દિવસમાં કેરળમાં ચોમાસાની શરૂઆત માટેની પરિસ્થિતિ બનવાની સંભાવના છે. સામાન્ય રીતે કેરળમાં પહેલી જૂને ચોમાસાની પધરામણી થાય છે, જોકે આઈએમડીએ કહ્યું છે કે, આ વર્ષે કેરળમાં ૩૧મી મેએ દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની એન્ટ્રી થઈ શકે છે. આઈએમડીના મહાનિદેશક મૃત્યુંજય મહાપાત્રએ કહ્યું હતું કે, ચોમાસું વહેલું તો નથી આવવાનું, પરંતુ સામાન્ય તારીખોની આસપાસ આવવાનું છે.

અગાઉ હવામાન વિભાગે જૂનથી સપ્ટેમ્બર સુધીના ચોમાસા દરમિયાન સામાન્યથી વધુ વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી હતી. ગત વર્ષે ચોમાસાએ અંદામાન-નિકોબાર ટાપુ પર ૧૯ મેએ પધરામણી કરી હતી, પરંતુ કેરળમાં નવ દિવસના વિલંબ બાદ આઠ જૂને પહોંચ્યું હતું.

ચોમાસુ સામાન્ય રીતે પહેલી જૂનના રોજ કેરળમાં એન્ટ્રી કરે છે. તેના પછી તે સામાન્ય રીતે ઝડપથી ઉત્તર તરફ આગળ વધે છે. તેની સાથે તે ૧૫ જુલાઈ સુધીમાં સમગ્ર દેશમાં ફેલાઈ જાય છે. આ પહેલા હવામાન વિભાગે જણાવ્યું હતું કે, આ વખતે ચોમાસામાં વધુ વરસાદ પડવાની સંભાવના છે. ભારતીય હવામાન વિભાગે ૧૫ એપ્રિલના રોજ તેમના વર્તારામાં જણાવ્યું હતું કે ચોમાસુ લગભગ ૧૦૬ ટકા રહેવાની આશા છે.

હવામાન વિભાગના ડેટા મુજબ, કેરળમાં ચોમાસાની પધરામણીની તારીખો છેલ્લા ૧૫૦ વર્ષોમાં બદલાતી રહી છે. ૧૯૧૮માં ચોમાસું ૧૧ મેએ સૌપ્રથમ કેરળ પહોંચ્યું હતું, જ્યારે ૧૯૭૨માં ૧૮ જૂને સૌથી મોડું કેરળ પહોંચ્યું હતું. છેલ્લા ચાર વર્ષની વાત કરીએ તો ૨૦૨૦માં ચોમાસું પહેલી જૂન, ૨૦૨૧માં ત્રણ જૂન, ૨૦૨૨માં ૨૯ મે અને ૨૦૨૩માં આઠ જૂને કેરળ પહોંચ્યું હતું.

ભીષણ વાવાઝોડાં રેમલે સુંદરવનથી પશ્ચિમ બંગાળ, બાંગ્લાદેશ અને આસામ સુધી તબાહી મચાવી દીધી હતી અને આ દરમિયાન ૧૩૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો.

મધ્યરાત્રિથી કોલકાતા સહિત પશ્ચિમ બંગાળના ઘણા ભાગોમાં ભારે પવન સાથે ભારે વરસાદ થયો હતો. રેમલના લેન્ડફોલની પ્રક્રિયા ગત રવિવાર રાતથી પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના નજીકના દરિયાકિનારા પર શરૂ થઈ હતી. જોકે રેમલ નબળું પડી ગયું છે. બંગાળની ખાડી ઉપરનું રેમલ છેલ્લા ૬ કલાક દરમિયાન ૧૧ કિમી પ્રતિ કલાકની ઝડપે લગભગ ઉત્તર તરફ આગળ વધી ગયું છે. વાવાઝોડું બાંગ્લાદેશના ટાપુઓ અને નજીકના પશ્ચિમ બંગાળના દરિયાકિનારાને પાર કરી ગયું છે. તે ઉત્તર-પૂર્વ તરફ આગળ વધશે અને ધીરે ધીરે નબળું પડી જશે.

### KKR એ ત્રીજીવાર આઈપીએલનો ખિતાબ જીત્યો

# ૧૭ વર્ષમાં ફક્ત ૭ ટીમોએ જીતી આઈપીએલ ટ્રોફી

## ૨૦૦૮માં પ્રથમ IPL ટ્રોફી રાજસ્થાન રોયલ્સે જીતી હતી

ચેન્નઈ, તા.૨૮

ભારતીય ફેન્સને લાંબા સમય બાદ IPL 2024 નો વિજેતા મળી ગયો છે. કોલકત્તા નાઈટ રાઈડર્સે ત્રીજીવાર IPL ચેમ્પિયન બનવવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. ચેન્નઈના એમએ ચિદંબરમ સ્ટેડિયમમાં રવિવારે રાત્રે રમાયેલી આઈપીએલ ફાઈનલમાં કલકત્તા નાઈટ રાઈડર્સ (KKR) એ સનરાઈઝર્સ હૈદ્રાબાદ (SRH) ને ૫૭ બોલ બાકી રહેતા ૮ રન વિકેટથી માત આપીને ત્રીજીવાર આઈપીએલનો ખિતાબ જીત્યો છે. KKR એ બતાવ્યું કે કેમ તેમની ટીમ IPL ઈતિહાસની ખતરનાક ટીમોમાંથી એક છે. IPL ની ૧૭ સીઝનોમાં ફક્ત ૭ ટીમોએ જ ચેમ્પિયન બનવાનો સ્વાદ ચાખ્યો છે.

મુંબઈ ઈન્ડીયન્સે વર્ષ ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૧૯ અને ૨૦૨૦ ના આઈપીએલ ખિતાબને પોતાના નામે કર્યો છે. ચેન્નઈ સુપર કિંગ્સે વર્ષ ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૮, ૨૦૨૧ અને ૨૦૨૩ ના આઈપીએલ ખિતાબને પોતાના નામે કર્યો છે. મહેન્દ્ર સિંહ ધોની અને રોહિત શર્મા ૫-૫ IPL ટ્રોફીઓ સાથે IPL ના સફળ કેપ્ટન છે. કલકત્તા નાઈટ રાઈડર્સ (KKR) એ ૩ (૨૦૧૨, ૨૦૧૪ અને ૨૦૨૪) ખિતાબ પ્રાપ્ત કર્યો છે. ગુજરાત ટાઈટન્સે ૧ આઈપીએલ ખિતાબ ૨૦૨૨ પોતાના નામે કર્યો હતો. સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) - IPL 2016, ડેક્કન ચાર્જર્સ હૈદરાબાદ (DC) - IPL 2009 અને રાજસ્થાન રોયલ્સ - IPL 2008 માં ચેમ્પિયન બની હતી.

૨૦૦૮-૨૦૨૪ : ચેમ્પિયનની યાદી

૨૦૦૮: રાજસ્થાન રોયલ્સ (ચેન્નાઈને ૩ વિકેટે હરાવ્યું)

૨૦૦૯: ડેક્કન ચાર્જર્સ (બેંગલુરુને ૬ રનથી હરાવ્યું)

૨૦૧૦: ચેન્નાઈ સુપર કિંગ્સ (મુંબઈને ૨૨ રનથી હરાવ્યું)

૨૦૧૧: ચેન્નાઈ સુપર કિંગ્સ (બેંગલુરુને ૫૮ રનથી હરાવ્યું)

૨૦૧૨: કોલકાતા નાઈટ રાઈડર્સ (ચેન્નાઈને ૫ વિકેટે હરાવ્યું)

૨૦૧૩: મુંબઈ ઈન્ડિયન્સ (ચેન્નાઈને ૨૩ રનથી હરાવ્યું)

૨૦૧૪: કોલકાતા નાઈટ રાઈડર્સ (પંજાબને ૩ વિકેટે હરાવ્યું)

૨૦૧૫: મુંબઈ ઈન્ડિયન્સ (ચેન્નાઈને ૪૧ રનથી હરાવ્યું)

૨૦૧૬: સનરાઈઝર્સ હૈદરાબાદ (બેંગલુરુને ૮ રનથી હરાવ્યું)

૨૦૧૭: મુંબઈ ઈન્ડિયન્સ (રાઈઝિંગ પુણે સુપરજાયન્ટને ૧ રનથી હરાવ્યું)

૨૦૧૮: ચેન્નઈ સુપર કિંગ્સ (સનરાઈઝર્સ હૈદરાબાદને ૮ વિકેટથી હરાવ્યું)

૨૦૧૯: મુંબઈ ઈન્ડિયન્સ (ચેન્નાઈને ૧ રનથી હરાવ્યું)

૨૦૨૦: મુંબઈ ઈન્ડિયન્સ (દિલ્હી કેપિટલ્સને ૫ વિકેટે હરાવ્યું) ૨૦૨૧: ચેન્નાઈ સુપર કિંગ્સ (કોલકાતા નાઈટ રાઈડર્સને ૨૭ રનથી હરાવ્યું)

૨૦૨૨: ગુજરાત ટાઈટન્સ (રાજસ્થાન રોયલ્સને ૭ વિકેટે હરાવ્યું)

૨૦૨૩: ચેન્નાઈ સુપર કિંગ્સ (ગુજરાત ટાઈટન્સને ૫ વિકેટથી હરાવ્યું (ડ્કવર્થ લુઈસ પદ્ધતિ))

૨૦૨૪: કોલકાતા નાઈટ રાઈડર્સ (સનરાઈઝર્સ હૈદરાબાદને ૮ વિકેટે હરાવ્યું)

આંદ્રે રસલ (૧૯ રન પર ત્રણ વિકેટ) ના નેતૃત્વમાં બોલરોના દમદાર પ્રદર્શન અને વેંકટેશ ઐય્યર (અણનમ ૫૨) ના શાનદાર અર્ધશતકથી કલકત્તા નાઈટ રાઈડર્સે સનરાઈઝર્સ હૈદ્રાબાદને આઈપીએલ ફાઈનલમાં રવિવારે આઠ વિકેટથી પછાડીને ૫૭ બોલ બાકી રહેતા ત્રીજીવાર આઈપીએલ ખિતાબ જીતી લીધો. કલકત્તાએ હૈદ્રાબાદને ૧૮.૩ ઓવરમાં ૧૧૩ રન પર સમેટાયા બાદ ૧૦.૩ ઓવરમાં બે વિકેટ પર ૧૧૪ રન બનાવીને એકતરફી જીત પ્રાપ્ત કરી હતી.

### સુપ્રીમે કહ્યું તમે તમારી વાત હાઈકોર્ટમાં રજૂ કરો

# સુપ્રીમ કોર્ટનો ભાજપની અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર

## સુપ્રીમ કોર્ટે ભાજપને કહ્યું કે, "પ્રથમ નજરે તમારી જાહેરાત ખોટી, તમારો હરીફ તમારો દુશ્મન નથી



નવી દિલ્હી, તા.૨૮

TMC વિરૂદ્ધ જાહેરાતના મામલામાં ભાજપને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે ભાજપની અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે ભાજપને કહ્યું કે, "પ્રથમ નજરે તમારી જાહેરાત ખોટી છે. તમારો હરીફ તમારો દુશ્મન નથી. તમે તમારી વાત હાઈકોર્ટમાં રજૂ કરો." કલકત્તા હાઈકોર્ટે TMC વિરુદ્ધ બીજેપીની જાહેરાત પર પ્રતિબંધ મૂક્યો હતો. હાઈકોર્ટે TMC વિરુદ્ધ બીજેપીની જાહેરાત પર ૪ જૂન સુધી પ્રતિબંધ મૂક્યો હતો. જે બાદ ભાજપે હાઈકોર્ટના આદેશને પડકારવા માટે સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. હવે અહીંથી પણ ભાજપને ઝટકો લાગ્યો છે.

ભાજપના વરિષ્ઠ વકીલ પી.એસ. પટવાલિયાએ કહ્યું કે, અમારી જાહેરાતો તથ્યો પર આધારિત છે. જેના પર જસ્ટિસ મહેશ્વરીએ કહ્યું કે, અરજીમાં સંબંધિત પેજ જુઓ. તમે અહીં મુદ્દાને અતિશયોક્તિ સાથે બતાવી રહ્યા છો. જેમાં અમે દખલગીરી કરવા માંગતા નથી. પટવાલિયાએ કહ્યું કે, અમારી તો વાત પણ સાંભળવામાં આવી નથી. અમારી દલીલ તો સાંભળો. જેના પર જસ્ટિસ વિશ્વનાથને કહ્યું કે, "પ્રથમ નજરે તમારી જાહેરાત બદનક્ષીભરી છે."

કોર્ટે કહ્યું કે, "અમે વધુ કડવાશને પ્રોત્સાહન આપી શકીએ નહીં. અલબત્ત તમે તમારી જાતને પ્રમોટ કરી શકો છો. જો હાઈકોર્ટ તમારી વાત સાંભળી રહી છે તો અમે તેમાં શા માટે સામેલ થઈએ." જેના જવાબમાં પટવાલિયાએ કહ્યું કે, આવી સ્થિતિમાં તો આગામી મતદાનની તારીખ ૧લી જૂન પણ વીતી જશે. કૃપા કરીને મારી વાત સાંભળો." જસ્ટિસ વિશ્વનાથને કહ્યું કે, "આવી વધુ જાહેરાતોથી મતદારોને નહીં પરંતુ માત્ર તમને જ ફાયદો થશે."

જસ્ટિસ મહેશ્વરીએ કહ્યું કે, મહેરબાની કરીને અહીં કેસ ન ચલાવો. બિનજરૂરી મામલાઓની જરૂર નથી. એમ નથી કહી તહયો કે ચૂંટણી ન લડો. માફ કરશો અમે ઈચ્છુક નથી. ત્યારે પટવાલિયાએ કહ્યું કે, "તેઓ અરજી પાછી ખેંચવા માંગે છે." કોર્ટે જેને મંજૂરી આપી હતી. સુપ્રીમ કોર્ટે ભાજપને કહ્યું કે તમારો વિરોધી તમારો દુશ્મન નથી.

TMCએ ભાજપની જાહેરાતોને આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન ગણાવી હતી. TMCએ દાવો કર્યો હતો કે, ભાજપે તેની જાહેરાતમાં પાર્ટી અને કાર્યકરો પર ખોટા આરોપો લગાવ્યા છે.

મામલો ચૂંટણી પંચ સુધી પહોંચ્યો હતો. ત્યારે ચૂંટણી પંચે ભાજપને નોટિસ પાઠવીને કહ્યું હતું કે, આવી જાહેરાતો મીડિયામાં પ્રકાશિત ન થવી જોઈએ. આ પછી મામલો કલકત્તા હાઈકોર્ટની સિંગલ બેંચમાં પહોંચ્યો હતો. જેના પર કોર્ટે ૪ જૂન સુધી પ્રતિબંધ મૂક્યો છે. ભાજપે અપીલ દાખલ કરી હતી, પરંતુ હાઈકોર્ટે તેને ફગાવી દીધી હતી.

# વંથલીના ગાદોઈ મુકામે મુસ્લિમ સમાજના સમુહ લગ્નમાં ૧૨ દુલ્હા દુલ્હનોએ પઢયા નિકાહ

## રાજકીય સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ આપ્યા





(પ્રતિનિધિ દ્વારા)

વંથલી, તા.૨૮

સોરઠ પંથકની જાણીતી સામાજિક સંસ્થા પરિશ્રમ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત દ્વિતીય સમૂહ લગ્નોત્સવ સમારોહમાં મુસ્લિમ સમાજના ૧૨ દુલ્હા-દુલ્હનોએ ઈસ્લામિક રીત રિવાજ મુજબ નિકાહ પઢી પવિત્ર બંધનમાં બંધાયા હતા, ખોટા ખર્ચાઓથી બચવાનાં ધ્યેય સાથે યોજાયેલ સમુહ લગ્નોત્સવમાં સંપુર્ણ સાદગી સાથે ઈસ્લામિક રીત રિવાજ મુજબ ૧૨ નવદંપતીઓએ નિકાહ પઢી પોતાની જિંદગીની શુભ શરૂઆત કરી હતી અને આ શુભ ઘડીના સાક્ષી બનવા સાદાતે કીરામ ઉલમાએ કીરામ સહિત હાજી મોહંમદ હાશમીમિયાં ઉર્ફે પીરબાપુ ઉના વાળા,મોલાના રઊફ શિરાઝી, પ્રદેશ કોંગ્રેસ અગ્રણી હરિભાઈ કણસાગરા, સાત અસાબા પીરનાં ખાદીમ અબુશાબાપુ સોહરવર્દી, હનીફસાબાપુ બાનવા, વલીભાઈ દલ, કમલેશ પાનસુરીયા, વી.ટી.સિડા, શિલ્પા ટાંક, શારદાબેન કથીરીયા, ટિંકુબેન ભટ્ટ, જશીબેન બારડ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહી નવદંપતિઓને આશીર્વાદ પાઠવ્યા હતા અને પરિશ્રમ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓને સફળતાપૂર્વક કાર્યક્રમ સંપન્ન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. નિકાહ બાદ જમણવાર રાખવામાં આવેલ અને તમામ દુલ્હનોને કરિયાવરમાં જીવન જરૂરિયાત ૧૧૧ જેટલી આઈટમો આપવામાં આવેલ હતી. દ્વિતી સમુહ લગ્ન ઉત્સવના આ આયોજનને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ ઈરફાનશાહ સોહરવર્દી, ઈમરાન બાપુ, સલીમશા પેઈન્ટર સર્વદી, ફેઝાન શાહમદાર, અશરફશા સર્વદી, હનીફશા સર્વદી, હૈદરશા શાહમદાર, રફીકશા સર્વદી, અશરફભાઈ નાગોરી, અફઝલબાપુ સૈયદ, અલ્ફાઝ સર્વદી સહિત ગાદોઈ મુસ્લિમ સમાજનાં હોદેદારોએ જહેમત ઉઠાવી હતી, કાર્યક્રમનું સંચાલન હારૂનશા સર્વદીએ કર્યું હતું.

# યોગ સ્પર્ધકો દ્વારા રાજકોટ દુર્ઘટનાના દિવંગત આત્માઓને એસજીવીપી દ્રોણેશ્વર ગુરૂકુલમાં શ્રદ્ધાંજલિ અપાઈ



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૮

તાજેતરમાં રાજકોટ ખાતે ગેમ ઝોન દુર્ઘટનાના પગલે સમગ્ર ગુજરાતમાં દુઃખનું મોજું ફરી વળ્યું છે. યુવાનો તથા બાળકો આ ઘટનામાં મોતને ભેટ્યા છે. આ દુઃખના કાળમાં સૌ કોઈએ આત્મા માટે તથા એમના પરિવારજનો માટે ભગવાનને પ્રાર્થના કરતા હોય ત્યારે એસજીવીપી ગુરૂકુલ દ્રોણેશ્વર ખાતે ગુજરાત સરકાર આયોજિત ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્ય કક્ષાના યોગ સ્પર્ધકોએ સ્પર્ધાના પ્રારંભમાં બે મિનિટ મૌન અને ત્યારબાદ પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ આપી હતી. સૌ દિવંગત આત્માઓને ભગવાન શ્રી હરિ એમના શ્રી ચરણોમાં સ્થાન આપે તથા એમના પરિવારજનોને આશ્વાસન અને ધીરજ આપે એવી પ્રાર્થના કરવામાં આવી હતી.

### ઈવેન્ટ ઈટાલી અને ફ્રાન્સમાં ૨૯મીએ શરૂ થશે

# અનંત-રાધિકા બીજા પ્રિ -વેડિંગ ફંક્શન માટે તૈયાર ચાલી રહી છે

## લગ્ન પહેલા અંબાણી પરિવાર આ કપલ માટે વધુ એક પ્રી-વેડિંગ ફંક્શન હોસ્ટ કરવા જઈ રહ્યો છે

મુંબઈ, તા.૨૮

દેશના પ્રખ્યાત બિઝનેસમેન મુકેશ અંબાણી અને તમનો પરિવાર કાયમ ચર્ચામાં હોય છે. કારણ પછી ગમે તે હોય. બિઝનેસ,ક્રિકેટ કે પછી લગ્ન,પ્રસંગોની ઉજવણી .. એમના સમાચારો આવતા જ હોય છે. હજી થોડા દિવસ પહેલા જ મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત-રાધિકાના લગ્નની ઘોષણા થઈ ત્યારબાદ તેમની પ્રિ-વેડિંગ સેરેમનીની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. અંબાણીના પરિવારજનો તેમજ નજીકના સંબંધીઓ ક્યારે તેમના લગ્નની તારીખની ઘોષણા થશે એવી રાહમાં હતા , એવામાં વધુ એક સેરેમનીના આયોજનના સમાચાર સામે આવતા સહું કોઈને સુખદ આશ્ચર્ય થયું છે.

હવે એવા અહેવાલો સામે આવી રહ્યા છે કે લગ્ન પહેલા અંબાણી પરિવાર આ કપલ માટે વધુ એક પ્રી-વેડિંગ ફંક્શન હોસ્ટ કરવા જઈ રહ્યો છે. કપલના બીજા પ્રી-વેડિંગ ફંક્શનનું ઈન્વિટેશન કાર્ડ સામે આવ્યું છે, જેમાં સૌથી ઉપર લખ્યું છે, 'La Vite E Un Viaggio' જેનો અર્થ થાય છે 'જીવન એક સફર છે', કાર્ડમાં લખવામાં આવ્યું છે કે આ પ્રી-વેડિંગ ઈવેન્ટ ઈટાલી અને ફ્રાન્સમાં યોજાશે.આ પ્રી-વેડિંગ ફંક્શન બુધવાર, ૨૯ મે, ૨૦૨૪થી શરૂ થશે. મહેમાનોને ઈટાલીમાં સિસિલીના શહેર પાલેર્મો ખાતેથી ઓન-બોર્ડ કરવામાં આવશે. ત્યાબાદ તેઓને વેલકમ લંચ આપવામાં આવશે. બીજી પ્રી-વેડિંગ ઈવેન્ટ ૪ દિવસની હશે.

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટનું બીજું પ્રી-વેડિંગ ફંક્શન ૨૯ મેના રોજ વેલકમ લંચ થીમ સાથે શરૂ થશે. પછી સાંજની થીમ "Starry Night" છે. બીજા દિવસની થીમ "A Roman Holiday" છે. જેનો ડ્રેસ કોડ છે 'Tourist Chic'. ૩૦મી મેના રાતની થીમ "La Dolce Far Niente" છે અને ત્યારબાદ સવારે ૧ વાગ્યે "Toga Party" છે. ત્રીજા દિવસની થીમ છે "V Turns One Under The Sun," "Le Masquerade," અને "Pardon My French" છે શનિવારની થીમ "La Dolce Vita" હશે જેમાં ઈટાલિયન સમરનો ડ્રેસ કોડ હશે.

જો રિપોર્ટ્સનું માનીએ તો બોલીવુડ અને બિઝનેસ જગતની ઘણી જાણીતી હસ્તીઓ પણ આ બીજા પ્રી-વેડિંગ ફંક્શનમાં હાજરી આપી શકે છે. આ સેલિબ્રેશનમાં શાહરૂખ ખાન, સલમાન ખાન, આમિર ખાન, બચ્ચન અને કપૂર પરિવાર ઉપરાંત ઘણા મોટા બિઝનેસમેન ભાગ લઈ શકે છે. ફંક્શનમાં ૮૦૦ મહેમાનો સામેલ થઈ શકે છે અને તેમને અટેન્ડ કરવા માટે ૬૦૦ લોકોનો સ્ટાફ હશે. જ્યારે અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ જુલાઈમાં લગ્ન કરી શકે છે. જો રિપોર્ટ્સનું માનીએ તો બંનેના લગ્ન લંડનમાં મુકેશ અંબાણીના 'સ્ટોક્સ પાર્ક એસ્ટેટ' અથવા મુંબઈમાં 'જિયો વર્લ્ડ સેન્ટર'માં થઈ શકે છે. પરંતુ મહત્વની વાત એ છે કે આ બધી વહેતી વાતો વચ્ચે લગ્નને લઈને અંબાણી પરિવાર તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

### આ ગરમીએ તો જીવ લઈ લીધો!

# ૬ દિવસમાં ગુજરાતમાં ૧૨૦૦થી વધુ લોકો બીમાર પડ્યા

## ૧૦૦થી વધુને હીટસ્ટ્રોકની સારવાર લેવી પડી કાળઝાળ ગરમી વચ્ચે સખત તાવના સૌથી વધુ ૯૩૩ કેસ નોંધાયા

અમદાવાદ, તા.૨૮

પહેલીવાર એવું જોવા મળ્યું છે કે, ગુજરાતમાં ગરમીથી લોકોના મોત થઈ રહ્યાં છે. આ વર્ષે મોટાભાગના શહેરોમાં ૪૫ થી વધીને પારો જતા મોતના કેસ વધી રહ્યાં છે. સાથે જ આ ગરમી અનેકોને બીમાર પાડી રહી છે. લેટેસ્ટ માહિતી અનુસાર, ગુજરાતમાં ૬ દિવસની હીટવેવમાં માત્ર અમદાવાદ શહેરમાં ૧૨૦૦ થી વધુ લોકો ગરમીથી બીમાર પડ્યાં છે. તો ૧૦૦ થી વધુ લોકોને હીટસ્ટ્રોકથી સારવાર લેવી પડી છે. આ સાથે સખત તાવના સૌથી વધુ ૯૩૩ કેસ આવ્યા છે. આ ઉપરાંત ૮૮ થી વધુ લોકોને પેટમાં દુખાવો, ઝાડા ઉલટીની સમસ્યા થઈ છે.

વડોદરા શહેરમાં ગરમીનો પારો વધુ એક ડિગ્રી ઘટ્યો છે, પરંતુ હિટ સ્ટ્રોકનું જોખમ યથાવત છે. રવિવારે, વડોદરા કોર્પોરેશનના પ્યુન રાજેશ સોલંકીનું ગરમીના કારણે શંકાસ્પદ મોત નિપજ્યુ છે. તો બાજવાના ૨૬ વર્ષના જગદીશ પાવાને હિટ સ્ટોક લાગતા ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયા હતા.

વાઘોડિયાના ફાર્મમાં ૨૨ વર્ષના સુનિતા ગૌર અચાનક બેભાન થઈ જતા સારવાર અર્થે ખસેડાયા છે. સયાજી હોસ્પિટલમાં હીટ સ્ટ્રોક માટે બનાવેલ અલગ વોર્ડમાં હાલ ૧૮ દર્દી સારવાર હેઠળ છે.

ઈમરજન્સી સેવા દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ૧૯ થી ૨૫ મે અનુસાર, ગુજરાતમાંથી પેટમાં દુખાવાના ૧૦, પેટમાં દુખાવા સાથે ઝાડા ઉલટીના ૮૮, હીટ સ્ટ્રોકના ૧૦૪, સખત તાવના ૯૩૩, માથામાં સખત દુખાવાના ૩, મૂર્છિત થઈને ઢળી પડવાના ૪૮ જ્યારે, અન્ય સમસ્યાના ૧૬ કેસ નોંધાયા છે. હીટ સ્ટ્રોકના ૨૪ મેના રોજ સૌથી વધુ ૨૮ કેસ આવ્યા હતા.

દિવસેને દિવસે વધતી જતી ગરમીના કારણે હાર્ટ એટેક, ડિહાઈડ્રેશનના કેસ વધી રહ્યાં છે. ગરમીમાં બેભાન થઈ જવું, હીટસ્ટ્રોક લાગવો, વોમેટિંગ સહિતના કેસ વધ્યા છે. અતિશય ગરમીને લોકો હવે સહન નથી કરી શકતાં નથી. આ કાળઝાળ ગરમીમાં લોકો માટે બહાર નીકળવું મુશ્કેલીભર્યું બન્યું છે. તબીબોની સલાહ મુજબ, કામ વગર ગરમીમાં નીકળવાનું ટાળવું જોઈએ.

# જલંધર ગીર ગામે ૬૦ લાખના ખર્ચે નિર્માણ થનાર રાજગોર બ્રહ્મ જ્ઞાતિની વાડીનું પુ.મુકતાનંદબાપુ સહિતના સંતોના હસ્તે ભુમિપુજન



## કાર્યક્રમમાં દાતાઓએ ૩૦ લાખથી વધુનું દાન આપ્યું– સાધુ સંતો અને એસપી હર્ષદ મહેતાનું પ્રેરક ઉદબોધન

જૂનાગઢ તા.૨૮

માળીયા હાટીના તાલુકાના જલંધર ગીર ગામે રાજગોર બ્રાહ્મણ જ્ઞાતી સેવા સમાજ દ્વારા તા.૨૫ને શનિવારના રોજ ત્રિવિધ સમારોહ અખિલ ભારત સાધુ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ પુ.મુકતાનંદબાપુના પ્રમુખ સ્થાને યોજાયો હતો. જેમાં ૬૦ લાખને ખર્ચે નિર્માણ થનાર વાડીનું પુ.મુકતાનંદબાપુના હસ્તે ધુનડા સત પુરણદાસ આશ્રમના સંસ્થાપક પુ.જેન્તીરામબાપા, ચલાળાથી રતિદાદા મહેતા, મેંદરડા ખાખીમઢી રામજી મંદિરના મહંત પુ.સુખરામદાસબાપુ તેમજ હરી ૐ વૃધ્ધાશ્રમ જેતપુરના પુ.કાળુબાપા જોષી સહિતનાની ઉપસ્થિતીમાં કરાયું હતું અને પંચકુંડી યજ્ઞમાં બીડુ પણ આ સંતો અહોમ્યું હતું.

આ કાર્યક્રમમાં જૂનાગઢના એસપી હર્ષદ મહેતા, માજી ધારાસભ્ય ભીખાભાઈ જોષી, રાજગોર બ્રાહ્મણ જ્ઞાતી સેવા સંઘના પ્રમુખ બંકિમ મહેતા, સંજય દવે, વાસુદેવભાઈ જોષી, ભુપતભાઈ મહેતા, જીતુભાઈ ચાવડાગોર, વિનુભાઈ ચાંઉ, પત્રકાર જયેશ દવે, વિનુભાઈ જોષી, સી.વી.જોષી, પુર્વ પ્રમુખ ભીખુભાઈ જોષી, જગદીશભાઈ ભરાડ સહિત બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

પુ.મુકતાનંદબાપુએ જણાવ્યું હતું કે, આ પ્રસંગે ખુબ રાજીપો વ્યકત કરૂ છું, કારણ સમાજલક્ષી સુવિધા આકાર લઈ રહી છે જેને આ સુંદર વિચાર આવ્યો. સમાજની વાડી બનાવવાનો તેને પણ હું વધાવું છું. આ વાડી તૈયાર થયા બાદ સમાજના વિકાસનું કેન્દ્ર બને તેવા પ્રયત્નો કરવા સૌને શીખ આપી હતી અને ગામની સંગઠન શક્તિ બિરદાવી હતી.બાપુએ ટીટોડી પોતાના ઈંડા સાગર પાસેથી પાછા લેવા સાગર બુરવા સૌની મદદ માંગે છે અને તેના ઈંડા પરત લે છે તે વાત સમજાવી સંગઠનથી સારા પરિણામો લાવી શકાય તેમ જણાવેલ.

પુ.જેન્તિરામબાપાએ જણાવ્યું હતું કે, સંગઠીત સમાજ સાથે મળી ઘણા વિકાસ કામો કરી શકે. જલંધર ગીરમાં આ સમાજની વાડી સમાજને ખુબ ઉપયોગી થશે. સૌ હળી મળી સમાજની ઉન્નતી માટે સમાજનું ઋણ ચુકવવા હંમેશા તૈયાર રહો તેવી શુભેચ્છા આપી હતી અને સમાજમાં સંગઠીત થવાથી શું ફાયદો થાય તેના દ્રષ્ટાંતો પણ આપેલ હતા.

આ ઉપરાંત ચલાળા ગાયત્રી શક્તિ પીઠના પુ.રતિદાદા મહેતા તેમજ જેતપુર હરી ઓમ વૃધ્ધાશ્રમના સંચાલક પુ.કાળુબાપા જોષીએ પણ પોતાના વકતવ્યમાં સમાજને સંગઠીત થઈ સમાજના કામો કરવા હાંકલ કરી હતી.

જૂનાગઢના એસપી હર્ષદ મહેતાએ આજના યુવા વર્ગને નશા અને વ્યસનથી દુર રહેવા અપીલ કરેલ અને જણાવ્યું હતું કે, આજના ટેકનોલોજીના યુગમાં સોશ્યલ મીડીયામાં ફાયદા અને ગેરફાયદા રહેલા છે ત્યારે હકારાત્મક દીશામાં ફાયદા લેવા અને વાલીઓએ પોતાના સંતાનો દિવસ દરમ્યાન શું કરે છે તેની કાળજી લેવી અને યુવા ધન નશીલા પદાર્થોના સેવન તરફ ન વળે તે માટે કયાંકને કયાંક મા-બાપની પણ જીમ્મેદાર છે. આજે નશા સિવાય પણ સારા પરિવારમાંથી ઉમરલાયક દિકરીઓ કે જેને મા-બાપે અઢાર વર્ષ સુધી લાડ પ્યારથી ઉછેરી હોય તે ટુંકાગાળામાં કોઈ અન્ય સમાજના યુવાનના સંપર્કમાં આવી કોઈપણ જાતનો વિચાર કર્યા વગર તેની સાથે લગ્નગ્રંથીથી જોડાય છે ત્યારે આ દિકરીને પોતાની માતાને બટકુ રોટલો ગળા હેઠે નહી ઉતરતો હોય, પોતાના બાપ કોઈને મોઢુ દેખાડવા લાયક નહી રહેતો હોય, આવો વિચાર કર્યા વગર ભાગી જાય છે તો એની પાછળ કયાંકને કયાંક આપણા ઉછેર અને સંસ્કારમાં ખામી રહેલી ગણાય માટે દિકરીઓને પહેલા થી જ એવા સંસ્કાર આપો કે તેને બહારનું કોઈ વાતાવરણ અસર ન કરે અને દિકરાઓ શહેરમાંથી ગામડે આવે ત્યારે વાડીઓમાં નશાની પાર્ટીઓ કરે તેવા દુષણોથી દુર રહે. અમે જૂનાગઢ જીલ્લા પોલીસ દ્વારા ડ્રગ્સ વિરોધી અભિયાન હેઠળ ઘણી સંસ્થા જાહેર કાર્યક્રમો યોજી આ નશીલા પદાર્થોથી દુર રહે તે માટે તેઓને સમજાવવા માટે એક એક કલાક સુધી વકતવ્ય આપ્યું છે. બાળકોમાં સંસ્કારો દ્રઢ બનશે તો કોઈ ચલિત નહી કરી શકે. કોમ્યુનિકેશન અને જનરેશન વચ્ચે ગેપ બેલેન્સ જાળવવાનું છે. સૌ સંગઠીત થઈ સમાજ સેવા દ્વારા રાષ્ટ્રનું ઋણ ચુકવવા કટીબધ્ધ રહો તેવી શીખ આપી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા મહેશભાઈ મહેતા, રજનીભાઈ ભરાડ તેમજ મનુભાઈ રવિયા, અનીલભાઈ દવે, મણિશંકરભાઈ મહેતા, દિનેશભાઈ માઢક, દિપકભાઈ રવિયા, લલીતભાઈ ભરાડ અને રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સમાજ જલંધર(ગીર)ની સમગ્ર ટીમે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલક ગિરધરભાઈ જોષી(જોગી)એ કર્યુ હતું.

## મુખ્યમંત્રીના હસ્તે પાંચ સાહિત્યકારોને પારસચંદ્રક એનાયત કરાયા




ગાંધીનગર તા.૨૮

સાહિત્યમાં વિશિષ્ટ યોગદાન બદલ પાંચ સાહિત્યકારોને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે પારસચંદ્રક એનાયત કરવામાં આવ્યા. પારસ ફાઉન્ડેશન દ્વારા ગુજરાતી સાહિત્યનું અનોખું સન્માન કરતો 'પારસચંદ્રક સમારોહ – ૨૦૨૪' યોજાયો હતો. પારસ ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ એવોર્ડની પ્રથમ આવૃત્તિ હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એક સંવેદનશીલ વ્યક્તિત્વ છે. તેમની કવિતાને ટાંકીને મુખ્યમંત્રીશ્રીએ તેમને શબ્દોના ઉપાસક ગણાવ્યા. સંસ્કૃતિ અને ભાષાને જાળવી રાખવામાં સાહિત્યની સર્વોચ્ચ ભૂમિકા છે. એમ જણાવીને તેમણે ઉમેર્યું હતું કે, સરકાર પણ સાહિત્ય અને સર્જકો માટે પ્રોત્સાહક અભિગમ ધરાવે છે. સમાજમાં જાગૃતતા ફેલાવવામાં સાહિત્યની ચાવીરૂપ ભૂમિકા છે તેમ ઉમેરી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, સાહિત્યકાર જાગૃત હશે તો સહુને જાગૃત કરશે. સાહિત્યકારોને પ્રોત્સાહિત કરવા માટે આ પ્રકારના આયોજનો થતા રહેવા જોઈએ. એમ ઉમેરી તેમણે પારસ ફાઉન્ડેશન અને તમામ આયોજકોને અભિનંદન પણ પાઠવ્યા હતા.

આજના સમારોહમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન', શ્રી વિનેશ અંતાણી, શ્રી ભાવેશ ભટ્ટ , શ્રી રામ મોરી, શ્રી મનીષ પાઠકને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ અવસરે ગુજરાત અને અન્ય રાજ્યોના અનેક સાહિત્ય સર્જકો પધાર્યા હતાં. આ ઉપરાંત આમંત્રિત મહેમાનો અને સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ખંભાળિયા નજીક વધુ એક ખનીજ ખનન પર દરોડો : મોરમ ચોરી ઝડપાઈ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૮

ખંભાળિયા પંથકમાં અનધિકૃત રીતે થતી ખનીજ ચોરી સામે સ્થાનિક તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત સોમવારે અહીંના પ્રાંત અધિકારી તેમજ તેમની ટીમ દ્વારા અહીંના દ્વારકા હાઈવે પર ગેરકાયદેસર રીતે થતી મોરમ ચોરીમાં કુલ રૂ. ૭૦ લાખ જેટલી કિંમતના વાહનો-મુદ્દામાલ કબજે કરવામાં આવ્યા છે. આ અંગે જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયા - દ્વારકા માર્ગ પર કોઈ તત્વો દ્વારા સરકારી જમીનમાંથી ખનીજ (મોરમ)ની ચોરી થતી હોવા



અંગેની માહિતી અહીંના પ્રાંત અધિકારી કે.કે. કરમટાને મળતા તેમના દ્વારા સ્થાનિક સ્ટાફને સાથે રાખીને દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં દ્વારકા માર્ગ પરના વડત્રા ગામ પાસેના ઢાંઢાવાળા તળાવ પાસેથી હિટાચી વાહનની મદદથી ડમ્પર મારફતે ખનીજ (મોરમ) ચોરી થતી હોવાનું ખુલવા પામ્યું હતું.

આ કાર્યવાહીમાં ઉપરોક્ત સ્થળેથી એક હિટાચી તેમજ પાંચ ડમ્પર મળી આવ્યા હતા. જો કે ખનીજ ચોરો નાસી છૂટવામાં સફળ થયા હતા. આ સમગ્ર બાબત અંગે પ્રાંત અધિકારી કે.કે. કરમટા દ્વારા જરૂરી કાર્યવાહી કરી અને અહીંના ભૂસ્તર વિભાગને વધુ તપાસ તેમજ કામગીરી અર્થે મુદ્દામાલ તેમજ રિપોર્ટ સુપ્રત કરાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહમાં પણ અહીંના મામલતદાર તથા તેમની ટીમ દ્વારા ખંભાળિયા તાલુકાના કંડોરણા ગામેથી મોરમ ચોરીમાં જે.સી.બી., ટ્રેક્ટર સહિતનો રૂ. ૧૮ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ પછી ગઈકાલે વધુ એક કાર્યવાહીમાં એસ.ડી.એમ. તથા ટીમ દ્વારા આશરે રૂપિયા પોણો કરોડ જેટલો મુદ્દામાલ કબજે લેવામાં આવતા ખનીજ ચોરી કરતા તત્વોમાં ફફડાટ સાથે દોડધામ મચી જવા પામી છે.

## કેશોદ એસ.ટી.ડેપો દ્વારા પેસેન્જર માટે સરબતની વ્યવસ્થા કરાઈ

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૨૮

કેશોદ એસ.ટી. ડેપો દ્વારા અવનવી સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. સ્વચ્છતા અભિયાન અંતર્ગત સમગ્ર ડેપોને સ્વચ્છ રાખવાનું કાર્ય ચાલી રહ્યું છે, ભારત વિકાસ પરિષદને સાથે રાખીને



વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે પેસેન્જરની સુવિધા માટે અનેક કાર્યો ડેપો મેનેજર ભીલ સાહેબ તથા પાર્સલ સર્વિસ વિભાગ સાંભળતા સિદ્ધરાજસિંહ રાયજાદાનાં પ્રયત્નો થી કરવામાં આવે છે જેને લઈને સમગ્ર ગુજરાતમાં કેશોદ એસ. ટી. ડેપોએ પ્રસંશા પ્રાપ્ત કરેલ છે હાલમાં સમગ્ર ગુજરાતમાં હીટવેવનાં કારણે લોકો કાળઝાળ ગરમીમાં શેકાઈ રહ્યા છે ગરમીથી લોકોના મોત પણ થયેલા છે ત્યારે આજરોજ કેશોદ એસ.ટી. ડેપો દ્વારા અનોથી પહેલ કરી દરેક આવતા જતા મુસાફરો માટે વરિયાળી શરબત મહાવીરસિંહ જાડેજા અને એસ. ટી.ટીમ દ્વારા બનાવી પીવડાવવામાં આવે તો આવી કાળઝાળ ગરમીમાં શરબતથી લોકોને ઠંડક થાય છે અને આ કાર્યને મુસાફરો દ્વારા બિરદાવવામાં આવી રહ્યું છે આ કાર્યમાં મનસુખભાઈ સિંધવ, મેનેજર ભીલ સાહેબ, સિદ્ધરાજસિંહ રાયજાદા, મહાવીર સિંહ જાડેજા પોતાની સેવા આપી રહ્યા છે.

વેરાવળ તાલાળા રોડ ઉપર બંને બાજુ આવેલા દબાણો બાબતે

## ગીર સોમનાથ કલેકટરે તાકીદ કરતા લોકોએ સ્વેચ્છાએ દબાણો દુર કર્યા



(પ્રતિનિધી દ્વારા)

વેરાવળ તા.૨૮

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના વેરાવળ-તાલાળા રોડ (ઈનાજ પાટીયા) ખાતે રસ્તાની બંને બાજુ સામાજિક વનીકરણની જમીનમાં વાણિજય હેતુના દબાણોના કારણે રસ્તાની બંને બાજુથી પસાર થતા પાણીના વહેણમાં અવરોધાતા ચોમાસાની ઋતુમાં રસ્તા પર ભારે પ્રમાણમાં પાણી ભરાવાની સમસ્યાના કારણે રસ્તા પરનો વાહન વ્યવહાર ખોરવાઈ જવાની સમસ્યા ઉદભવતી હતી, જેથી જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ ડી. જાડેજા દ્વારા આ સમસ્યાના કાયમી નિરાકરણ સારું આ વહેણ પરના વાણિજય દબાણો દૂર કરવા સૂચના આપતા,અધિક નિવાસી કલેકટરશ્રી રાજેશ આલના માર્ગદર્શન હેઠળ રેવન્યુ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ અને ફોરેસ્ટ વિભાગના અધિકારીઓની ટીમ દ્વારા જિલ્લા ઈણાજ પાટીયાએ આવેલ કુલ ૪૨ દુકાન ધારકોને નિયમોનુસાર નોટિસ આપતા, દુકાનધારકો દ્વારા સ્વેચ્છાએ ૧૫,૦૦૦ સ્કવેર ફૂટનું દબાણ દૂર કરવામાં આવેલ છે.

## ભાણવડ અને દ્વારકામાં ૧૮ વર્ષથી ઉપરના લોકોની આધાર નોંધણી કરી શકાશે

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૮

દેવભૂમિ દ્વારકા જિલ્લાની ભાણવડ અને દ્વારકામાં મામલતદાર કચેરી ખાતે કાર્યરત આધાર નોંધણી કેન્દ્ર પર પણ ૧૮ વર્ષથી ઉપરના લોકોની આધાર નોંધણી માટે મંજુરી મળી છે.

ખંભાળિયા અને કલ્યાણપુર મામલતદાર કચેરી ખાતે કાર્યરત આધાર નોંધણી કેન્દ્ર પર ૧૮ વર્ષથી ઉપરના લોકોની આધાર નોંધણી થાય છે.

જયારે હાલ ભાણવડ અને દ્વારકાની મામલતદાર કચેરી ખાતે કાર્યરત આધાર નોંધણી કેન્દ્ર પર પણ ૧૮ વર્ષથી ઉપરના લોકોની આધાર નોંધણી માટે મંજુરી મળી છે. જેથી હવેથી ૧૮ વર્ષથી વધુ વયના નાગરિકો જિલ્લાના તમામ ચાર તાલુકાઓ ખંભાળિયા, ભાણવડ, કલ્યાણપુર અને દ્વારકા મામલતદાર કચેરી ખાતેના કાર્યરત આધાર કેન્દ્રો પરથી આધાર નોંધણી કરી શકશે તેમ નોડલ ઓફીસર (યુ.આઈ.ડી.) અને નિવાસી અધિક કલેકટરની યાદીમાં જણાવાયું છે.

## ખંભાળિયાના ભાડથર ગામે ધમધમતા જુગારના અખાડા પર પોલીસ ત્રાટકી : રૂા.૧૦.૫૬ લાખના મુદ્દામાલ સાથે નવ શખ્સો ઝબ્બે



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૮

ખંભાળિયા પંથકમાં દારૂ, જુગાર સામે કડક હાથે કાર્યવાહી કરવા અહીંના પી.આઈ. બી.જે. સરવૈયા તથા સ્ટાફ દ્વારા કડક કરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત ગઈકાલે સોમવારે અહીંના ઈન્ચાર્જ પી.આઈ. વી.બી. પીઠીયાના માર્ગદર્શન હેઠળ સ્થાનિક પોલીસ સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવી હતી. જે અંતર્ગત સ્ટાફના હેડ કોન્સ્ટેબલ હેમતભાઈ નંદાણીયા, યોગરાજસિંહ ઝાલા તેમજ સુરજભાઈ ભાંગરાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ઈન્ચાર્જ પી.આઈ. પીઠીયા તેમજ ટીમ દ્વારા ખંભાળિયા નજીક આવેલા ભાડથર ગામની ખરાડીયા વાડી સીમમાં રહેતા માલદે રણમલ ભાન નામના શખ્સ દ્વારા તેના કબજા ભોગવટાની વાડીએ રહેલા રહેણાંક મકાનમાં જુગારીઓ માટે જરૂરી સુખ-સુવિધાઓ પૂરી પાડી, નાલ ઉઘરાવીને ચલાવાતા જુગારના અખાડા પર દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી.

જેમાં પોલીસે માલદે રણમલ ભાન સાથે અરશી સામત નંદાણીયા, નથુ નારણ કાંબરીયા, વજશી લાખા નંદાણીયા, મેરામણ કારા આંબલીયા, ખીમા દેરાજ રૂડાચ, જયેશ ભાયા બેલા, વિક્રમ રામ ડાંગર અને અમરશી થોભણ વાસજાળીયા નામના નવ શખ્સોને દબોચી લીધા હતા.

ઝડપાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂ. ૨,૧૪,૦૦૦ રોકડા, રૂપિયા ૩૧,૫૦૦ ની કિંમતના નવ નંગ મોબાઈલ ફોન તેમજ રૂપિયા ૮.૧૦ લાખની કિંમતના બે મોટરકાર અને એક મોટરસાયકલ સહિત કુલ ત્રણ વાહનો મળી, કુલ રૂપિયા ૧૦,૫૫,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યોહતો. આ સમગ્ર કાર્યવાહી ઈન્ચાર્જ પી.આઈ. પીઠીયા, હેડ કોન્સ્ટેબલ હેમતભાઈ નંદાણીયા, સામતભાઈ ગઢવી, જેઠાભાઇ પરમાર, દિવ્યરાજસિંહ જાડેજા, યોગરાજસિંહ ઝાલા કાનાભાઈ લુણા તથા સુરજભાઈ ભાંગરા દ્વારા કરવામાં આવી હતી.

## રાજકોટ ગેમ ઝોનની દુર્ઘટનાના મૃતઆત્માઓને જૂનાગઢમાં શ્રધ્ધાંજલી આપવામાં આવી




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૮

રાજકોટમાં ગેમીંગ ઝોનની ગોઝારી દુર્ઘટનામાં બાળકો સહિતના માર્યા ગયેલા નિર્દોષ લોકોને કાળવા ચોક જૂનાગઢમાં શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### મત ગણતરી આડે હવે થોડા દિવસો જ બાકી રહ્યા છે ત્યારે

# જૂનાગઢ લોકસભાની બેઠક ઉપર કોણ વિજેતા બનશે ? ભારે અટકળો

## આગામી તા. ૪ જુને મત ગણતરી : સંબંધીત તમામની મીટ



(પ્રતિનિધિ દ્વારા)


જૂનાગઢ તા.૨૮

લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૨૪ હવે અંતિમ તબક્કામાં પ્રવેશી ગઈ છે અને આગામી તા.૪ જુને પરીણામ આવી જવાના છે ત્યારે જૂનાગઢ સહિત દેશભરમાં ચૂંટણીના પરીણામોને લઈને લોકોમાં ભારે ઈંતેજારી જોવા મળી રહી છે. જૂનાગઢ લોકસભાની બેઠક ઉપર કોણ વિજેતા બનશે તે અંગેની પણ અટકળો શરૂ થઈ ગઈ છે અને સંબાંધિત તમામની મીટ આ ચૂંટણી પરીણામ ઉપર રહેલી છે.

લોકસભાની સામાન્ય ચૂંટણીમાં મુખ્ય રાજકીય પક્ષ ભાજપ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ અબકી બાર ૪૦૦ કે પારના લક્ષ્યાંક સાથે તેમજ ગુજરાતની ૨૬એ ૨૬ બેઠક ઉપર પાંચ લાખ મતોની લીડથી વિજય પ્રાપ્ત કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ હતો. ચૂંટણીના તબક્કાઓ હવે પુરા થઈ રહ્યા છે. ખાસ કરીને ગુજરાતની ૨૬ લોકસભાની બેઠકની વાત કરીએ તો એક બેઠક ચૂંટણી પહેલા જ સુરતની ભાજપે અંકે કરી છે અને ૨૫ બેઠકોના પરીણામની રાહ છે. આગામી તા.૪ જુનો મતગણતરી હાથ ધરવામાં આવશે. જૂનાગઢ લોકસભા બેઠકની મતગણતરી કૃષિ અને ઈજનેરી મહાવિદ્યાલય ખાતે યોજવામાં આવનાર છે અને જે અંગેની તૈયારીઓ પણ કરવામાં આવી રહી છે. જૂનાગઢ લોકસભાની બેઠક ઉપર સતત ત્રીજી વખત ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમા અને કોંગ્રેસના ઉમેદવાર હીરાભાઈ જોટવા વચ્ચે સીધો જંગ હતો અને આ ચૂંટણીમાં બંને પક્ષ તરફથી જીતના દાવા કરવામાં આવી રહ્યા છે.

વર્તમાન રાજકીય સ્થિતિ, વર્તમાન પ્રવાહો અને ક્યાંકને ક્યાંક પ્રજાકીય પ્રશ્નો તેમજ લોકોમાં અસંતોષ સહિતના પ્રશ્નોને લઈને રાજકીય નિષ્ણાંતો દ્વારા આ ચૂંટણીના પરીણામ અંગે ગણીતો માંડવામાં આવી રહ્યા છે. તો બીજી તરફ બંને પક્ષ ભાજપ અને કોંગ્રેસ દ્વારા જીતના દાવાઓ કરવામાં આવી રહ્યા છે. આ સાથે લોક સમુદાયમાં પણ અનેક અટકળો ચાલી રહી છે. દરમ્યાન વર્તમાન સ્થિતિ જોતા પરિણામ આવ્યા પહેલા કંઈક કહેવું ભુલ ભરેલું ગણાશે. જોકે જૂનાગઢની બેઠક ઉપર કોણ વિજેતા થવાનું છે તે ઉપર બુકીઓ દ્વારા તો બેટ લગાવવામાં આવી રહી છે.

ટુંકમાં જૂનાગઢ લોકસભાની બેઠક ઉપર કોણ વિજય બનશે તે અંગે સંબંધિત તમામની મીટ મંડાયેલી છે અને આગામી તા.૪ જુને મતગણતરી અને તેના પરિણામની ઈંતેજારી લોકોમાં જોવા મળી રહી છે.



## જૂનાગઢમાંથી ઝડપાયેલા નકલી એએસઆઈએ અન્ય કોઈ સાથે છેતરપિંડી કરી નથી ને ? સઘન તપાસ હાથ ધરાઈ





(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ શહેરમાંથી એક યુવાનને નકલી એએસઆઈનો પાઠ ભજવતા પોલીસે ઝડપી લીધેલ છે અને તેના વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી છે. તેમજ આ યુવાને કોઈ સાથે છેતરપિંડી તો કરી નથી ને તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગત અનુસાર જૂનાગઢમાંથી પોલીસે નકલી એએસઆઈને ઝડપી લઈ તપાસ હાથ ધરી હતી. સી ડિવિઝનના પીએસઆઈ આર.પી. વણઝારાનાં માર્ગદર્શનમાં તેમનો ગુન્હા શોધક શાખાનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમ્યાન શહેરમાં ગાંધીગ્રામ ખાતે આવેલ સિદ્ધિવિનાયક હોસ્ટેલ પાસે એક શખ્સ પોલીસની વર્દીમાં આંટાફેરા મારે છે અને પોતે પોલીસ ખાતામાં કોઈપણ નોકરી કરતો નથી એવી બાતમી મળતા પોલીસે સિદ્ધિ વિનાયક બોયઝ હોસ્ટેલ પાસે ઘસી જઈ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના મંડોર ગામનો યુવરાજ રામશીભાઈ જાદવ(ઉ.વ.૨૦) નામના યુવકને ઝડપી લીધો હતો. હાલ સિદ્ધિવિનાયક પીજી હોસ્ટેલમાં રહેતો અને કોલેજમાં અભ્યાસ કરતો યુવરાજ જાદવની પૂછપરછ કરતા તેની પાસે પોલીસ રાજ્યસેવકનો હોદ્દો ન હોય તેમ છતાં ખોટી રીતે પોલીસ ડિપાર્ટમેન્ટમાં એએસઆઈના હોદ્દા ઉપર હોવાનો દેખાવ કરવા પોલીસ યુનિફોર્મ પહેરી અને એએસઆઈ તરીકેનું ખોટું નામ ધારણ કરી રોફ જમાવતો હોવાનું સામે આવ્યું હતું. આથી યુવરાજની ધરપકડ કરી તેના વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમ્યાન ગીર સોમનાથનાં યુવરાજે પોલીસ વર્દી પહેરી તેણે ગેર પ્રવૃતિ કરી હોય એવું હજુ ધ્યાને આવ્યું નથી આમ છતાં કોઈ સાથે છેતરપિંડી તો નથી કરીને તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું ડીવાયએસપી હિતેશ ધાંધલ્યાએ જણાવ્યું હતું.

વિશેષમાં આરોપી યુવરાજે જ્યાંથી યુનિફોર્મ સિવડાવ્યો છે તે દરજીની પૂછપરછ કરવામાં આવશે અને પોલીસ આઈ કાર્ડ ન હોવા છતાં પણ કેવા સંજોગોમાં યુનિફોર્મ સિવડાવી આપ્યો તે અંગે ટેલરને નોટિસ પણ આપવામાં આવશે. હાલ આરોપી સ્પર્ધાત્મક પરીક્ષા અને પોલીસની તૈયારી કરી રહ્યો હોય રેગ્યુલર રનીંગમાં જાય છે. જુનાગઢમાં ૩ વર્ષથી સ્ટડી કરે છે. ૧૫ દિવસ પહેલા પોલીસ યુનિફોર્મ પહેરી ત્યાં પોતાની તસ્વીરો સોશિયલ મીડિયામાં અપલોડ કરી હતી તેમ ડીવાયએસપી હિતેશ ધાંધલ્યાએ જણાવ્યું હતું.

વધુમાં નકલી એએસઆઈ બની રોફ જમાવતા ઝડપાયેલ યુવરાજ જાદવની પોલીસ પૂછપરછમાં ખુલ્યું હતું કે, પોલીસની પરીક્ષા આપી હતી પરંતુ તેમાં નાપાસ થયો હતો. હાલ ફોરેસ્ટની એકઝામ આપેલી, પરંતુ તેનું રિઝલ્ટ પેન્ડિંગ છે. આમ કરવાનું મુખ્ય કારણ પોતાને વર્દીનો શોખ હોય, પોલીસ બનવા માંગતો હોય પરીક્ષામાં ફેઈલ થતાં યુનિફોર્મ બનાવી એક મહિનાથી પોલીસ તરીકે ઓળખ આપતો ફરતો હતો. દરમ્યાન પોલીસે તેના વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## જીજાજી તથા અન્ય લોકોને ફોટા મોકલી આપવાની ધમકી આપીને જૂનાગઢના શખ્સનું સગીરા ઉપર દુષ્કર્મ

### ફરિયાદના પગલે પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ શહેરમાં ૧૭ વર્ષની એક સગીરાના બિભત્સ ફોટા પાડી અને વાયરલ કરવાની ધમકી આપી અને તેના ઉપર દુષ્કર્મ આચર્યું હોવાનો બનાવ બનવા પામતા ચકચાર જાગી ઉઠી છે.

આ બનાવ અંગે ભોગ બનનાર સગીરાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી તેને ઝડપી લેવા ચક્રો ગતીમાન કરેલ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢના ગ્રામ્ય વિસ્તારની વતની ૧૭ વર્ષની સગીરા બે વર્ષ અગાઉ તેની સાથે જૂનાગઢમાં રહેતી હતી. એક વર્ષ અગાઉ તેની મોટી બહેન સાથે બોર ખાવા માટે સ્વામી વિવેકાનંદ સ્કૂલ પાસે આવેલ પડતર જગ્યામાં ગઈ હતી ત્યારે પ્રદીપના ખાડિયામાં રહેતો ગૌરવ ઉર્ફ ગભરૂ અજયભાઈ સોલંકીએ પાછળ આવી સગીરા પાસે મોબાઈલ નંબર માંગી તેની સાથે જબરજસ્તી કરતા તરૂણી રાડા રાડી કરવા લાગતા તેની માતા અવાજ સાંભળીને દોડી આવ્યા હતા અને ગૌરવને ખીજાતા તે ભાગી ગયો હતો. આ પછી માતાએ સગીરા સહિત ત્રણેય ભાઈ બહેનને ગામડે રહેવા મોકલી દીધા હતા. બે મહિના પહેલા ગૌરવ સગીરાના ગામે પહોંચ્યો હતો અને તારા નંબર આપ હું તને મેસેજ કરૂ છું તું મને જવાબ આપજે મારે તારી સાથે ફ્રેન્ડશીપ રાખવી છે તેમ કહીને જતો રહ્યો હતો. આ પછી ગૌરવ અવારનવાર મેસેજ કરતો હતો પરંતુ સગીરા ક્યારેક જવાબ આપતી હતી. ૩ મહિના પહેલા રાત્રિના નવ વાગ્યે આ શખ્સ સગીરાને તેના ગામથી બાઈક ઉપર બેસાડી જુનાગઢ લઈ આવ્યો હતો. એક સ્કૂલ પાછળ પડતર જગ્યામાં લઈ જઈને કપડા ઉતારી મોબાઈલમાં ફોટા પાડી લીધા હતા. અને ફોટા તારા જીજાજીને અને બધાને મોકલી દઈશ એવી ધમકી આપી બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો. આ પછી પણ અવારનવાર ધમકી આપીને દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ સગીરાએ નોંધાવતા એ ડિવિઝન પોલીસે ગૌરવ ઉર્ફ ગભરૂ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## વિસાવદર તાલુકાના જુની ચાંવડ ગામે સગીર વયની બાળાને ફોટા વાયરલ કરવાની ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ જીલ્લાના વિસાવદર તાલુકાના જુની ચાંવડ ગામે રહેતી એક પરિવારની ૧૬ વર્ષ ૯ મહિનાની ઉંમર ધરાવતી એક બાળાને મોણીયા ગામના હર્ષીલ મુકેશભાઈ પટોળીયા નામનો શખ્સ ફોટા અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપી અને તેમના પરિવારને મારી નાખવાની ધમકી આપતો હોવાની ફરિયાદ સગીર બાળાએ પોલીસમાં નોંધાવતા પોલીસે આ કામના આરોપી વિરૂધ્ધ કલમ ૩૫૪(ડી), ૫૦૬(૨), ૫૦૪, પોકસો એકટ કલમ ૧૨ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ વિસાવદર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.આઈ. સુમરા ચલાવી રહ્યા છે.

## જૂનાગઢમાં મહિલા સંચાલીત જુગારધામનો પર્દાફાશ : પાંચ મહિલા સહિત સાત ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ શહેરમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે આવેલા એક મકાનમાં ચોક્કસ બાતમીના આધારે પોલીસે જુગાર અંગે દરોડો પાડતા નાલનાં રૂા. ૧૬૦૦ સહિત કુલ રૂા.૨૫,૭૨૦નો મુદ્દામાલ જપ્ત કરી અને પાંચ મહિલા સહિત સાત સામે કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે સી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર, સી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ કરણસિંહ દેવાભાઈએ જાતે ફરિયાદી બની પોલીસમાં નોંધાવેલ ફરિયાદ અનુસાર જાનુબેન રામભાઈ જાદવ(ઉ.વ.૪૦) ગુજરાત હાઉસિંગ બોર્ડ, એમ-૪, બ્લોક નં-૬૬૩ પોતાના કબ્જા ભોગવટાના મકાનમાં પોતાના અંગત ફાયદા સારૂ બહારથી મહિલા તથા પુરૂષોને બોલાવી અને જુગાર રમાડતા હોવાની બાતમીના આધારે પોલીસે જુગાર અંગે દરોડો પાડ્યો હતો અને સ્થળ ઉપરથી કુલ રૂા.૨૫,૭૨૦નો મુદ્દામાલ જપ્ત કરેલ છે અને આ જુગારના દરોડા અંગે જાનુબેન રામભાઈ જાદવ, કિરણબેન ધવલભાઈ ગોહિલ હાલ રાજકોટ, અલ્પાબેન નાથાભાઈ સાવલીયા રહે.ઝાંઝરડા રોડ, શારદાબેન હરીભાઈ આસોદડીયા રહે.ઝાંઝરડા રોડ, શોભનાબેન જગદિશભાઈ સંતોકી રહે.વધાવી, રફીક યુસુફભાઈ મલેક રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ તેમજ મયુર કાંતીલાલ મહેતા રહે.મધુરમ નાગરીક બેંક સોસાયટી પાસે વિગેરે સામે જુગાર ધારાની કલમ ૪, ૫ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલ છે અને આ બનાવની વધુ તપાસ સી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.પી. વણઝારા ચલાવી રહ્યા છે.

## જૂનાગઢ મહાનગરપાલિકા સંચાલીત સ્વિમીંગ પુલમાં તોડફોડ કરનાર પાંચની અટકાયત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ શહેરમાં મહાનગરપાલિકા સંચાલિત અને રૂા.૩ કરોડના ખર્ચે નવનિર્મીત બનેલા સ્વિમીંગ પુલમાં કેટલાક તત્વો દ્વારા તોડફાડ કરવાનો બનાવ સામે આવ્યો હતો અને જે અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે તાત્કાલીક અસરથી પગલા લઈ અને કુલ પાંચની ધરપકડ કરી અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર, મહાનગરપાલિકા સંચાલિત સ્વિમીંગ પુલમાં ઘુંસી નુકસાન કરનાર શખ્સોની એ ડિવીઝન પોલીસે અટક કરી છે. મહિલા સહિતના ૫ સામે ગુનાહિત પ્રવેશ અને પબ્લીક પ્રોપર્ટિને નુકસાન કરવા અંગે ગુનો દાખલ કરાયો છે. આ અંગે ફરિયાદી અલ્પેશ ચાવડાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ટાઉન હોલ નજીક મહાનગરપાલિકા સંચાલિત સ્વિમીંગ પુલ આવેલો છે. દરમ્યાન ગત રવિવારે બપોરના ૧ વાગ્યા બાદ સ્વિમીંગ પુલમાં મહિલા સહિતના ૫ શખ્સોએ પ્રવેશ કરી તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું.આ અંગે સુપરવાઈઝરે ફોન કરી જણાવ્યું હતું કે, રજા હોવા છતાં ન્હાવા માટે કેટલાક સ્ત્રી, પુરૂષો આવી ગયા છે અને સફાઈ કરવા દેતા નથી. તેમજ તોડફોડ કરી નુકસાન કરી રહ્યા છે.ત્યારે ફી ભર્યા વિના, મંજૂરી લીધા વિના પ્રવેશ કરી ગુનો કર્યો હોય આવા શખ્સો સામે ગુનો નોંધવા જણાવ્યું હતું. બાદમાં પોલીસે ફરિયાદ નોંધી સીસીટીવી કેમેરાના આધારે તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમ્યાન નિષાર દિનમહમદ બ્લોચ(ઉ.વ. ૨૩, દોલતપરા), ભરત દેવાભાઈ સોલંકી(ઉ.વ. ૩૫, પ્રદીપ સિનેમા પાસે), અક્ષય કનુભાઈ મકવાણા (ઉ.વ.૨૬, પ્રદિપ સિનેમા પાસે), વિશાલ રમેશભાઈ ધાના (ઉ.વ.૩૨, મધુરમ યોગી પાર્ક) અને હિનાબેન ભરતભાઈ બગડા(ઉ.વ.૩૨, ગેંડાઅગર રોડ) સામે ફરિયાદ નોંધી મહિલા સહિત ૫ની અટક કરી છે.

## શનિવારે જામજોધપુરના શેઠવડાળા રાજગોર બ્રાહ્મણ સેવા સંસ્કારધામમાં લોકાર્પણ અને ખાતમુહુર્ત સમારોહ : પુ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

### પુ. નિલકંઠ ચરણ સ્વામી, મુકતાનંદબાપુ, જેન્તીરામ બાપા, સહિતના સંતો અને સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમો : રાત્રે કાનગોપીનો કાર્યક્રમ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

શાસ્ત્રીશ્રી નિલકંઠ ચરણજદાસજી રાજગોર બ્રાહ્મણ સેવા સંસ્કારધામ જામજોધપુર તાલુકાના શેઠવડાળા ખાતે આગામી તા.૧ લી જુનને શનીવારના રોજ લોકાર્પણ તથા ખાતમહુર્ત સમારોહ યોજાનાર છે. જેમાં સાંજે ૪ કલાકે નાગનાથ મંદિરથી સમાજની વાડી સુધી શોભાયાત્રા નિકળશે અને ૫ વાગ્યે રાજગોર બ્રાહ્મણ સમાજની વાડી ખાતે નિર્માણ કાર્ય ચાલુ છે. તેમાં હાલમાં રસોઈ ઘર તથા વાસણરૂમ અને કોઠાર રૂમનું બાંધકામ પુર્ણ થતા તેમનું અને ભવ્ય ભોજનાલયનું ખાતમુહુર્ત પુ. નિલકંઠચરણ દાસજી, પુ. મુકતાનંદબાપુ, પુ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, પુ. જેન્તીરામ બાપા, પુ. જગુરામબાપા, સુખદેવબાપુ, પુ. સુબોધાનંદબાપુ, જોષીબાપા, નિશુબાપુ સહિતના સંતો તેમજ મુખ્ય મહેમાન રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘના મેનેજીંગ ટ્રસ્ટી દિવ્યકાંતભાઈજોષી, પ્રમુખ બંકિમ મહેતા, વાસુદેવભાઈ જોષી, સંજયભાઈ દવે, જીતુભાઈ બોરીસાગર, ભવસુખભાઈ મંડીર, ભરતભાઈ જોષી, ભુપતભાઈ મહેતા, નરેશભાઈ મહેતા અને વિશેષ આમંત્રીત તરીકે જૂનાગઢના એસપી હર્ષદ મહેતા, અશોકભાઈ દવે તેમજ દ્વારકાના પીએસઆઈ નિકુંજભાઈ જોષી, મામલતદાર વિપુલભાઈ પુરોહિત, શેઠવડાળાના પીએસઆઈ શ્રી ગઢવી તેમજ માજી ધારાસભ્ય ભીખાભાઈ જોષી, સાંસદ પુનમબેન માડમ, રામભાઈ મોકરીયા તેમજ શિક્ષણ વિદ ગીજુભાઈ ભરાડ, શૈલેષભાઈ તેરૈયા, ઈન્દ્રનીલ રાજયગુરૂ, જેન્તીભાઈ તેરૈયા, જયેશ દવે, ભરત જોષી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ સમારોહ યોજાશે. જેનુ દિપપ્રાગટય ૫:૧૫ કલાકે અને સાંજે ૫:૪૦ કલાકે સંતોનું સન્માન કરાશે અને ત્યારબાદ સંતો આર્શિવચન પાઠવશે અને રાત્રે ૧૦ કલાકે આદિત્યાણાવાળા ભીમભાઈ મેર દ્વારા કાનગોપીનો કાર્યક્રમ યોજવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા મુકેશભાઈ જોષી, જીતુભાઈ જોષી, ભાવિનભાઈ દવે, હિતેષભાઈ જોષી અને તેની સમગ્ર ટીમ જહેમત ઉઠાવી રહી છે. વધુ વિગત માટે જીતુભાઈ જોષી મો.નં.૯૪૨૭૨ ૭૮૯૯૮ ઉપર સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવેલ છે.

## માણાવદરમાં ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણવાના બે બનાવ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

માણાવદરમાં ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણવાના બે બનાવો બનવા પામ્યા છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, માણાવદરના રઘુવીરપરામાં રહેતા મુળુભાઈ ખીમાભાઈ કડેગીયા (ઉ.વ.૬૦)એ કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે ઘરના રૂમમાં નળીયાના આડસરમાં ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લેતા તેઓનું મૃત્યું થયું છે.

જયારે અન્ય એક બનાવમાં ગીરીરાજ નગર ખાતે રહેતા ભાવિશાબેન અમીતભાઈ ભડાણીયા (ઉ.વ.૩૮) છેલ્લા ૩ મહિનાથી રિસામણે આવેલ હોય જેથી તેને લાગી આવતા પોતાની મેળે દોરડા વડે ઘરના હુંકમાં ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણેલ છે. ઉપરોકત બંને બનાવ અંગે માણાવદર પોલીસો ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જીલ્લા જેલસુપરવિઝન ઓફિસર દ્વારા જેલનુ સુપરવિઝન કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જીલ્લા જેલસુપરવિઝન ઓફિસર ડો. જગદિશ દવે દ્વારા જેલમાં સુપરવિઝન કરાયું હતું. આરોગ્ય સાચવણી સાથે સાથે આગ હોનારત માટે અતિ જરૂરી અગ્નિશામક સાધનોની વ્યવસ્થા જેલમાં રાખવા જેલનો મેડીકલ ઓફિસરને લેખીત સુચન કરાયું હતું અને હીટવેવમાં જરૂરી દવાઓનો સ્ટોક જાળવી રાખવા સુચન કરાયું હતું.

## મેંદરડા : ૧.૪૦ લાખનાં બકરા વેચાતા રાખી ચેક આપ્યો, રિટર્ન થતા નોંધાઈ પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

મેંદરડાના દેવગઢ ગામે રહેતા મહેબૂબભાઈ ઉર્ફે બબો સુમારભાઈ નોઈડાને પોતાના સાત બકરા વેચવા હોય જે માટે તેમણે તા. ૧૨ મેના રોજ પીપળાના પાન નામની એપ્લિકેશનમાં બકરાના ફોટા અપલોડ કર્યા હતા. આ પછી વેરાવળના ડારી ગામના અમર હાજીભાઈ જીકાણીએ હાજી અમીન હાજી દૂર્વેશ નામથી ખોટું નામ ધારણ કરી ફોનમાં વાત કરી અને બકરા રૂપિયા ૧.૪૦ લાખમાં વેચાતા રાખ્યા હતા અને બાદમાં તા.૧૩મે ના રોજ જીજે-૧૧-ઝેડ-૨૧૪૮ નંબરના બોલેરો જેવા પેક વાહનમાં બે શખ્સ આવી બકરા ભરી જઈ ફેડરલ બેંકનો ચેક આપી ગયા હતા. પરંતુ મહેબુબભાઈએ આ ચેક પોતાના બેંક ખાતામાં જમા કરાવતા ચેક રિટર્ન થતા તેમણે અમરભાઈ સાથે વાત કરતા તેણે ફોન બંધ કરી દઈ છેતરપિંડી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાવતા મેંદરડા પોલીસે ૩ શખ્સ વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.